
બાળકોના રંગલાલા
ભાગ-૫
લેખકઃ
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય



પ.પ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજ

જ્ઞાને શિવઃ સ્વયં યોગી ગામ્ભીર્યે યાદસાં પતિઃ ।
પર્જન્યશ્ચ  દયાયાં  યો  વાસુદેવ  નમોઽસ્તુ  તે ॥

# બાળકોના રંગદાદા
## ભાગ-૫


પ્રકાશક : **શ્રીપ્રેમજયંતી સમિતિ**, અમદાવાદ.
મો: ૯૮૨૪૫૦૪૨૦૬

ગ્રાફિક્સ : **શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય**
**"રાહ-રંગપ્રેમની"**
મો: ૯૬૮૭૬૬૧૧૧૪

મુદ્રક : **અજય ઑફસેટ**, બારડોલપુરા, અમદાવાદ.

આવૃત્તિ : **ત્રીજી**
**ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૮**
**તા. ૧૩-૭-૨૦૨૨**

પ્રત : **૨૫૦**

**રૂપિયા પચ્ચીસ**

# બાળકોના રંગદાદા

## (૧)

## આત્મવત્ સર્વભૂતેષુ ।

ભગવાનની પ્રાપ્તિ એ કાચાપોચા માણસનું કામ નથી.
મુંડ કોપનિષદમાં કહ્યું છે:

"નાયમ્ આત્મા બલહીનેન લભ્યઃ । (૩/૨/૪)"

બળ વગરનો માનવ આત્મસાક્ષાત્કાર કરી શકતો નથી.
હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!
ભગવાન પ્રાપ્તિ માટે સત્તાવીસ વર્ષની ભરજુવાની.
આપણા પાંડુરંગે નારેશ્વરનું બિહામણું, વેરાન જંગલ પસંદ કર્યું.
દિવસના બીક લાગે એવી જગામાં રાત્રિએ તો શું થાય?
પણ આપણને ડરાવે એવી જગ્યામાં પાંડુરંગને દિવ્યતાના દર્શન થયા.
નારેશ્વરમાં બેસતાં પહેલાં પાંડુરંગે સાધના દ્વારા દૈવી સંપત્તિ પ્રાપ્ત કરી હતી.
સત્ય, અહિંસા, પવિત્રતા, પ્રાણીમાત્ર પર પ્રેમ, સંગ્રહ ન કરવાની વૃત્તિ, ધીરજ, સંતોષ, સુખ-દુ:ખ સહન કરવાની વૃત્તિ જેવા સદ્ગુણો જીવનમાં ઉતારેલા.

આનું પરિણામ એ આવે કે પાંડુરંગમાં અભયપણું અને નિર્ભયપણું આવ્યું હતું.
જડચેતન બધામાં પરમેશ્વરનાં દર્શન થાય.
'આત્મા સો પરમાત્મા' એ ન્યાયે હિંસક પ્રાણી હોય, ઝેરી પ્રાણી હોય કે ઘાતક હથિયારધારી ચોર હોય કે ડાકુ હોય પણ સાધકને તો બધાંમાં પરમાત્માનાં જ દર્શન થાય.
બધાંમાં પોતે છે એવું લાગે.
બધાંમાં પોતાને જોનારને ભય કોનો? બીક કોની?
બીક તો બીજાની લાગે, પોતાની કોઈને બીક લાગે ખરી?
સાધના દ્વારા અભયત્વ પામેલી વ્યક્તિ જ આવાં ઘોર જંગલમાં તપ કરવા બેસી શકે.
દરરોજ અવધૂતજીનો રોજનો ક્રમ શરૂ થાય.
સગડી પર 'પક્વાન્ન'ની તપેલી મૂકે.
તપેલી મૂકીને અવધૂતજી રેવા કાંઠે જાય.
'રેવા-મા'માં સ્નાન કરે.
છાતી સુધી પાણી રહે એટલી ઊંડાઈએ જઈ ઈષ્ટદેવના મંત્રના જપ કરે.
મંત્ર-જપ કરતાં કરતાં દેહભાન ભૂલી જાય.
પરમેશ્વરમાં લીન થઈ જાય.
આજુબાજુ શું ચાલે છે એની ખબર જ ના રહે.

એક દિવસ આમ મંત્રજપ કરતાં કરતાં પ્રભુમાં લીન થઈ ગયા.

કિનારે સ્ત્રીઓ કપડાં ધૂએ, વાસણ માંજે અને છોકરાંઓ સ્નાન કરે.

એવામાં પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશામાંથી ત્રણ મોટા મગરો મોં ફાડતા ધસી આવ્યા.

કિનારે ઊભેલાં લોકોએ બૂમાબૂમ કરી પણ અવધૂતજી તો ધ્યાનમાં મગ્ન.

એમને ન તો બૂમ સંભળાય કે ન તો લોકો વાસણો ખખડાવે તે સંભળાય.

મગરો એકદમ નજદીક આવી ગયા.

મગરો માંડ દસ-પંદર ફૂટ દૂર હશે ને અવધૂતજીએ આંખ ઊઘાડી.

ધ્યાનમાંથી ભાનમાં આવ્યા.

જોયું તો ત્રણે દિશામાંથી ત્રણ મગરો ધસીને આવી રહ્યા છે.

અવધૂતજી ડર્યા નહિ.

બીધા (બ્હીવું) નહિ. ગભરાયા નહિ.

એમણે તો ત્રણ મગરોમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં દર્શન કર્યાં.

હાથમાં જળ લઈ ત્રણે મગર ઉપર જળ છાંટતાં કહ્યું કે "આપ દર્શન આપવા આવ્યા હો તો મને દર્શન થઈ ગયાં છે."

એમ કહી ત્રણે મગરોને પગે લાગ્યા અને કહ્યું કે, 'આપ હવે પાછા જાવ.'

પાછું જળ છાંટતાં કહ્યું કે, 'તમે મારાં દર્શન કરવા આવ્યા હો તો તમને મારાં દર્શન થઈ ગયાં છે, માટે પાછા જતા રહો.'

લોકો તમારાથી બી ગયાં છે.

કિનારાના લોકોએ તો ધાર્યું કે આ બાવાજીને મગરો ખાઈ જશે.

પણ ત્રણે મગરોને એકદમ પોતપોતાના સ્થાને જતાં રહેતા જોઈને લોકો દંગ થઈ ગયાં.

લોકોને થયું કે આ બાવો નથી પણ દેવદૂત છે.

બીજા કેટલાકને થયું કે આ તો સ્વયં ભગવાન જ છે.

અવધૂતજીએ તો મગરમાં પરમાત્માનાં દર્શન કર્યાં.

પોતાનો આત્મા અને મગરનો આત્મા એક જ છે. પછી ડરવાની શી જરૂર!

ભગવાન ઉપરના ભરોસાની, અભયત્વની કસોટીમાંથી અવધૂતજી સફળતાથી બહાર નીકળી ગયા.

સંત તુલસીદાસજી રામ ચરિત માનસના બાલકાંડમાં કહે છે:-

સીયારામમય સબ જગ જાની ।
કરઉં પ્રનામ જોરિ જુગ પાની ।। (દો. ૭ ચૌ. ૨)

આ જગતની દરેક વસ્તુ સીતારામમય પરમાત્મામય છે એમ માનીને અવધૂતજીએ પણ મગરોને પ્રણામ કર્યા. આવું અભયત્વ પામવું એ જ જીવનનું લક્ષ્ય છે.

•

## (૨)
## સંતની સતામણી

અવધૂતજી પોતાના અનુષ્ઠાનનું કાર્ય કરે છે.
એ ભલા ને એમનું અનુષ્ઠાન ભલું.
પોતાને કારણે કોઇને તકલીફ ન પડવી જોઈએ એવી એમની વિચારધારા.
નારેશ્વરનું સ્થાન છોડીને કોઈ સ્થળે જાય નહિ.
કોઈની સાથે ખાસ વાતચીત કરે નહિ.
બધાનું ભલું ઇચ્છે અને ભગવાનનું ભજન કરે, અનુષ્ઠાન કરે.
આમ છતાં કેટલાક વિઘ્નસંતોષી લોકો પણ હોય છે.

એમને 'લડ, નહિ તો લડનાર દે' એ સૂત્રમાં જ રસ હોય.

અવધૂતજી કેવી રીતે હેરાન પરેશાન થાય એની તેઓ ગડમથલ કરે.

અવધૂતજી તપ કરે, ભજન કરે, અનુષ્ઠાન કરે એટલે એમની પ્રશંસા તો થાય જ ને!

આ વાત તેજોદ્વેષી વ્યક્તિને ખૂંચે.

પોતાનું બગાડીને બીજાનું સારું કરે તે સંત.

પોતાનું બગડતું ન હોય તો બીજાનું ભલું કરે તે સજ્જન.

પોતાનું ભલું થતું હોય તો બીજાનું બગાડે તે સામાન્ય માનવી.

પરંતુ પોતાનું ભલું ન થતું હોય છતાં બીજાનું બગાડે- એવાને શું કહેવાય?

ગામડાના વિઘ્નસંતોષી લોકો સજ્જન માણસની- સંતની સતામણી કરે.

આ ગામડાના લોકને કોઈ ઉશ્કેરે કે કોઈ પૈસા આપે એટલે એવું કાંઇ કરે કે સંતને માથે મુશ્કેલી આવે.

અવધૂત દાદા નારેશ્વરમાં રહે.

સવારના વહેલાં ઊઠી જપ કરે, ધ્યાનમાં બેસે.

એક દિવસ ધ્યાનમાંથી ઊઠ્યા.

ધ્યાનમાંથી ઊઠતાં જ કંઇ અમંગલ થયું હોય એમ બાપજીને મનમાં લાગ્યું.

પૂ.શ્રીની સેવામાં એક સાધુ રહેતો હતો.
નામ એનું કમલદાસ.
કમલદાસે કહ્યું: "બાપજી! શિવાલયની પાછળ મરેલો મોર પડ્યો છે."
મોરને મારવો એ અપરાધ છે, ગુનો છે.
માણસને મારી નાખીએ તો ખૂન કર્યું કહેવાય અને એની સજા થાય તેમ મોરને મારી નાખનારને સજા થાય, જેલમાં જવું પડે.
અવધૂત દાદાએ વિચાર્યું કે મરેલો મોર શિવાલયની પાછળ આવ્યો ક્યાંથી?
કદાચ લોકોએ એવું પણ વિચાર્યું હોય કે શિવાલય પાસેથી મરેલો મોર મળે એટલે અવધૂતજી પર આળ આવે, આક્ષેપ આવે.
પોલીસ એમને પકડી જાય.
બસ! નારેશ્વરનાં દહેરેથી એમણે જવું પડે.
પરંતુ અવધૂત દાદા આમ કશાથી ગભરાય એવા ન હતા.
મોર માર્યો નથી પછી બીવાની જરૂર શી?
સાચને આંચ શાની?
સાચું બોલનારને ડર કોનો?
એ તો ભગવાનનાં અનુષ્ઠાન માટે આવ્યા હતાને!

અવધૂત દાદાએ એક માણસને લીલોડ મોકલ્યો.
લીલોડના પોલીસ પટેલને વાતની જાણ કરી.
પોલીસ પટેલને નારેશ્વર બોલાવ્યા.
પોતાની બદનામી કરવાના હેતુથી જ કોઇ મોરને મારી નાંખીને અહીં ફેંકી ગયું છે એમ કહ્યું.
પોલીસ પટેલ હોશિયાર હતો.
તરત જ વાત સમજી ગયો.
ડાહ્યો માણસ ચર્ચા ન કરે.
ચર્ચામાં સમય ના બગાડે.
એ તો સમસ્યાનો ઉપાય કરે.
પ્રશ્નનો ઉકેલ લાવે.
પોલીસ પટેલના હાથમાં તો ઘણી સત્તા.
પોતાના માણસને હુકમ કર્યો.
એમના માણસ પાસે મરેલા મોરને નર્મદા નદીમાં પધરાવી દીધો.
વાત પૂરી થઇ. ખેલ ખલાસ!
અવધૂત દાદાને થયું કે હું કોઇનું કશું ખરાબ ઈચ્છતો નથી કે ખરાબ કરતો નથી પછી મારી સાથે શું વેર?
શા માટે વેર?
બધા સંતોની લોકો દ્વારા આવી સતામણી થાય છે.
એ રીતે ભગવાન એ સંતને ઘડે છે, તૈયાર કરે છે.

કુંભાર માટલું ઘડે ત્યારે એક હાથથી માટલાં ઉપર ટપલાં મારે પણ બીજો હાથ માટલાંની અંદર રાખી માટલાંનું રક્ષણ કરે.

ભગવાન સંતને ઘડે ત્યારે લોકો દ્વારા આવી સતામણી થવા દે પરંતુ પોતે એની મદદે દોડી જાય.

સહન કરે તેને **સંત** કહેવાય.

બોલ્યા વગર, હસતાં હસતાં સહન કરે તેને **ભગવંત** કહેવાય.

•

## (૩)

## મધરાતના મહેમાન

લોકો સંતની સતામણી કરે તેથી સંત ડરી જતા નથી. આવી સતામણી હસતાં હસતાં સહન કરી લે છે. ભગવાનમાં એમનો ભારે ભરોસો હોવાથી એ ગભરાતા નથી.

એક શ્લોક છે:

ઘૃષ્ટં ઘૃષ્ટં પુનરપિ પુનશ્ચંદનં ચારુ ગન્ધમ્
છિન્નં છિન્નં પુનરપિ પુનસ્વાદુ ચૈવેક્ષુદણ્ડમ્ ।
દગ્ધં દગ્ધં પુનરપિ પુનશ્કાંચનં કાન્તવર્ણમ્
પ્રાણાન્તેપિ પ્રકૃતિવિકૃતિર્જાયતે નોત્તમાનામ્ ॥

ચંદનને વારે વારે ઘસવાથી એ વધુ સુગંધિત બને છે.
શેરડીને વારે વારે પીલવાથી એ વધુ મીઠો રસ આપે છે.
સોનાને વધુ ને વધુ તપાવવાથી એ વધુ પીળા રંગનું બને છે.
ખરેખર! પ્રાણાન્તે પણ ઉત્તમ વ્યક્તિઓની પ્રકૃતિ (સ્વભાવ)માં વિકૃતિ (ફેરફાર) આવતી નથી.
પ્રભુ પ્રાપ્તિને પંથે પગ મૂકતાં સાધકની તો વારેવારે પરીક્ષા થયા જ કરવાની.
દત્તકુટિરના ઓટલા પર અવધૂત દાદા સૂએ.
આકાશમાં ટમટમતા તારલા જુએ.
એની સાથે વાતો કરે.
કુદરતને નિહાળતાં નિહાળતાં બે-ત્રણ કલાકની ઊંઘ માણે.
રાત્રે બે વાગે તો ઊઠી જાય.
એક દિવસની વાત છે.
કાળી અંધારી રાત છે.
રાત્રે દત્તકુટિરના ઓટલે રંગદાદા સૂતા છે.
ઊંઘમાં પણ મન તો ભગવાનનું સ્મરણ કરતું જ હોય.
એવામાં બે માણસો આવ્યા.
મોં ઉપર બુકાની બાંધી છે.
હાથમાં ચકચકતાં ધારિયાં છે.
ધારિયાં પણ કેવાં?

કોઈના ગળે મારે તો માથું તુરત ધડથી જૂદું જ થઈ જાય એવાં.

એક બુકાનીધારી આવીને અવધૂતજીના માથા પાસે ઊભો રહ્યો.

બીજો પગ પાસે ઊભો રહ્યો.

સામાન્ય માણસ તો ડરી જ મરે.

પરંતુ આપણા અવધૂત દાદા તો ડરે જ શાના?

અને ડરે પણ શું કામ?

એ તો બધું જોવા છતાં સૂતા જ રહ્યા.

નાટક જોતા હોય એમ જોયા કરતા હતા.

એક બુકાનીધારી બોલ્યો: “બાવાજી! આમ સૂઈ કેમ રહ્યા છો? ઊભા થાવ અને બારણું ખોલો.”

અવાજ પણ બીક લાગે એવો ભારે.

અવધૂત દાદા તો સૂઈ જ રહ્યા.

સૂતાં સૂતાં જ બોલ્યા કે “બારણાને તાળું માર્યું નથી.

બારણું જાતે ખોલો.

અંદર તો ચૌદ બ્રહ્માંડની ઝોળી ભરેલી પડી છે.

જેટલું ઉંચકાઈ તેટલું ઊંચકી જાવ.

તમને કોઈ રોકવાનું નથી.

ઈચ્છા હોય તેટલું લઈ જાવ.”

બીજો બુકાનીધારી બોલ્યો: “અહીં કોઈ આવ-જા કરે છે કે?”

અવધૂત દાદા બોલ્યા: "હા, હા. કોઈ કોઈ વાર ભગત લોક આવે છે.
અને વળી તમારા જેવા મોટા ભગત તો અડધી રાતે-મધરાતે પણ આવે છે.
અવધૂતનો દરબાર તો બધા માટે હંમેશાં ખુલ્લો રહે છે.
કોઈને આવવાની ના જ નથી."
અવધૂતજીના જવાબથી તો એ બુકાનીધારીને આશ્ચર્ય થયું.
અવધૂતજીના જવાબમાં કોઈ ડર નથી, બીક નથી, ગભરાટ નથી!
એક બુકાનીધારી બોલ્યો: "બાવાજી! બીક નથી લાગતી?"
અવધૂત દાદા બોલ્યા: "બીક કોની? બીક શાની? ભય કોનો?
એકલી વ્યક્તિને કોનો ડર?
બે વ્યક્તિ હોય તો ભય લાગે."
અવધૂત દાદા તો બુકાનીધારીમાં અને પોતાની જાતમાં એક જ પરમાત્માને જોતા હતા.
બધે એક જ પરમેશ્વર રહેલો છે પછી કોની બીક?
બીજો બુકાનીધારી વળી બોલ્યો: "બાવાજી! કોઈ તમને મારે તો તમે શું કરો?"

અવધૂતજી બોલ્યા: “હજી સુધી તો કોઈએ મને માર્યો નથી.
તમારા બેમાંથી એક જણ મને પકડે અને બીજો મને મારે એમ કરો.
પછી જુઓ, હું શું કરું છું.”
અવધૂત દાદાને ગભરાયા વિના, સૂતાં સૂતાં જ જવાબો આપતા જોઈ બુકાનીધારીઓ તો વિચારમાં જ પડી ગયા!
બીક લાગે એવી રાત છે.
આ બાવાજી એકલા છે.
છતાં બિલકુલ ગભરાતા જ નથી.
મધરાતે આવેલા બંને મહેમાનો તો દંગ થઈ ગયા.
આ બંને બુકાનીધારી દારૂ પીને આવ્યા હતા.
એક ખૂબ નશામાં હતો અને બીજાએ પ્રમાણમાં ઓછો દારૂ પીધો હતો.
કશું બોલ્યા વિના બંને જણા દત્તકુટિરના ઓટલા ઉપરથી ઊતરી ગયા.
પોતે ઘોડા પર આવેલા તે ઘોડા પર બેસીને જતા રહ્યા.
અવધૂત દાદા તો જાણે કશું જ બન્યું નથી એમ સૂઈ જ રહ્યા.
અભયત્વ- નિર્ભયતા કોને કહેવાય તે આ પ્રસંગમાં તાદૃશ્ય જોવા મળે છે.

ભગવાનમાં અડગ ભરોસો, અતૂટ વિશ્વાસ અને પૂરી શ્રદ્ધા.

"હું હરિનો હરિ છે મમ રક્ષક એહ ભરોસો જાય નહિ,
હરિ કરશે તે મમ હિતનું એ નિશ્ચય બદલાય નહિ."

સવારે આવેલા ભક્તે આ વાત જાણી ત્યારે એમના તો હોશકોશ જ ઊડી ગયા.

●

## (૪)

## ગુરખો રાખીએ તો?

કાળી રાત્રી વીતી ગઇ.

સૂર્ય નારાયણ ઊગ્યા.

સવાર પડી.

સૌથી પહેલા ગામમાંથી લલ્લુ મહારાજ આવ્યા.

લલ્લુ મહારાજ ભગવાન શંકરની પૂજા કરવા ને જળ ચઢાવવા આવતા હતા.

લલ્લુ મહારાજ તો અવધૂત બાપજી પાસે ગયા.

રોજની જેમ પગે પડ્યા.

પછી એમણે કહ્યું: "બાપજી! સવારના પહોરમાં કોઈ બે ઘોડેસવાર આ તરફથી આવતા જોયા.

કોણ હતું એ?"

પૂ. અવધૂતજી બોલ્યા: "હમણાં જતા જોયા? એ બે તો મધરાતના આવ્યા હતા."

એમ કહીને પૂ.શ્રીએ રાત્રે બનેલી સઘળી વાત કહી સંભળાવી.

વાત સાંભળીને લલ્લુ મહારાજ તો થર થર ધ્રૂજવા લાગ્યા.

એ તો એવા ગભરાઈ ગયા કે ન પૂછો વાત!

બસ! લલ્લુ મહારાજ તો વિચારે જ ચઢી ગયા.

અરે! બાપજીને કંઇ થઈ ગયું હોત તો?

બસ! પછી તો એક કાનેથી બીજે કાને અને બીજા કાનેથી ત્રીજા કાને વાત બધે ફેલાઇ ગઈ.

રણાપુરથી દાસકાકા અને રતનલાલ આવ્યા.

લીલોડથી પોલીસ પટેલ અને બીજા ભક્તો પણ આવ્યા.

બધા ગભરાયેલા હતા.

અવધૂત બાપજીની રક્ષા માટે કંઇક તો કરવું જ પડે.

શું કરવું?

સરખેજથી તરત ને તરત કેશવલાલ શેઠ આવ્યા અને કહ્યું: 'બાપજી! આ તો ખૂબ ચિંતાજનક બાબત છે. હવે તમને આવી રીતે એકલા રહેવા ના દેવાય.

બાપજી! તમારા રક્ષણ માટે એક ગુરખો રાખીએ તો કેવું?'

પૂ.અવધૂતજી તો આ સાંભળીને હસ્યા.
કેશવલાલ શેઠની ભાવનાની કદર કરી પણ પછી કહ્યું, "શેઠ! ગુરખાની કોઇ જરૂર નથી.
મારું રક્ષણ કરવા ગુરખો રાખો પણ પછી એ ગુરખાનું રક્ષણ કરવા આપણે દોડાદોડ કરવાની આવે તેનું શું?"
પેલા ભક્ત તો સમજ્યા જ નહિ.
વિચારે ચડ્યા ગુરખાનું રક્ષણ આપણે કરવાનું?
ગુરખો તો આપણા રક્ષણ માટેનો બુરખો કહેવાય.
પૂ. અવધૂત દાદાએ સમજાવ્યું કે, "જુઓ! આપણે ગુરખો રાખીએ તો એ ગુરખાનું કામ તો રાતે પડે.
દિવસ દરમ્યાન પછી એણે શું કરવાનું?
એ આખો દિવસ પડ્યો રહે.
અહીં-તહીં બધે રખડ્યા કરે, બરાબર?
પછી ગામમાં જતાં આવતાં લોકો સાથે સંબંધ રાખે.
પોતાના બાવડાંના જોરે અને આશ્રમની હૂંફે લોકો સાથે ઝઘડા કરે.
કજિયો ન હોય ત્યાંથી કજીયો ઊભો કરે.
ગામના લોકો સાથે કજીયો થાય એટલે આપણે ગુરખાનો બચાવ કરવાનો.
ગામની કોઇ વ્યક્તિ ગુરખા પર કેસ કરે એટલે આપણે કોરટ કચેરીના ધક્કા ખાવાના."

પછી પૂ. બાપજીએ કહ્યું કે "મને કોઇ જાતનો ડર નથી.
મને કોઇની બીક નથી.
જો આવો ડર હોત તો અહીં આવત જ શું કામ?
અહીંનું બિહામણું જંગલ જોઈને, અહીંની બધી પરિસ્થિતિ સમજીને પછી જ આવ્યો છું.
મારું રક્ષણ કરવાવાળો તો હજાર હાથવાળો બેઠો છે.
મારું રક્ષણ કરવાવાળો મારો ગુરુમહારાજ સમર્થ છે.
હું તો ભગવાન ભરોસે અહીં આવ્યો છું.
કોઇ ગુરખો કે પઠાણ મારું શું રક્ષણ કરવાનો હતો?"
પૂજ્યશ્રીએ કહ્યું: "શેઠ! કોઈ કોઈને મારી નાંખવાની તાકાત ધરાવતું નથી.
બધું ભગવાનનું ધાર્યું જ થતું હોય છે.
'હરિ કરે સો હોઈ' પર ભરોસો રાખો અને બધો ભાર ભગવાનને સોંપી તમે મને ભગવાનનું ભજન કરવા દો."
ભગવાન પર અજબગજબનો ભરોસો તે આનું નામ!

●

# (૫)

## ફોજદાર-સરકારી. અવધૂત-અસરકારી:

પ્રભુની પ્રાપ્તિ માટે જંગલમાં એકાંત સેવતા સંતને પણ લોકો શાંતિથી રહેવા ના દે, જંપવા ના દે.
સંત કોઈને નડે નહિ, કોઈ સાથે લડે નહિ તો પણ લોકો એને હેરાન-પરેશાન કરે.
આવું કેમ થતું હશે?
આવા અનુભવ દ્વારા ભગવાન સંતને ઘડે, તૈયાર કરે.
સારી કે નરસી પરિસ્થિતિને હસતાં હસતાં સ્વીકારો.
જે સ્થિતિ સર્જાય તેને ભગવાનની પ્રસાદી ગણો.
અવધૂત દાદા નારેશ્વરના દહેરે દત્તકુટીરમાં રહી દત્તપુરાણનાં અનુષ્ઠાન કરે.
પાસે સાયર નામે ગામ.
ગામમાં સરકારી અમલદારો આવે ને જાય.
એમાં પણ પોલીસ ખાતાના અમલદારની તો વાત જ જુદી.
બધા એનાથી ડરે.
એને રાજી રાખવા પડે.
અમલદાર આવે એટલે સલામ કરો.
ચા-પાણીની વ્યવસ્થા કરો.

એને રાજી રાખવા માટે જે કરવું પડે તે બધું કરો.

શિયાળાનો સમય.

પોંકની સિઝન.

ગામના લોકો અમલદારને પોંકપાર્ટી માટે બોલાવે.

અમલદાર સમગ્ર પરિવાર સાથે આવે.

પારકા પૈસે લહેર કરવી કોને ન ગમે?

સરકારી કામનું બહાનું પણ કુટુંબ સાથે લહેર-પાણી-ને જલસા કરવાના.

એક વાર આવા સમયે ફોજદાર પોતાના કુટુંબ સાથે સાયર ગામે આવ્યા.

પરિવાર સાથે રેવાસ્નાને ગયા.

સ્નાન કરીને મજાક મશ્કરી કરતા કરતા ફોજદાર પાછા ફર્યા.

સાથે પત્ની અને બાળકો તથા સાળી પણ ખરી.

જોડેના નોકરે- વરતણિયાએ દહેરા પાસેના બાવાની વાત કરી.

ફોજદારને થયું કે "ચાલો! જોઈએ તો ખરા કે કોણ છે?"

ફોજદારે પોતાનો રોફ જમાવવાનો વિચાર કર્યો.

કુટુંબીજનો સાથે પહેલાં ભગવાન શંકરનાં દર્શન કર્યાં.

પછી અવધૂત બાપજી પાસે આવ્યા.

પણ સત્તાધારી અમલદારમાં નમ્રતા ક્યાંથી હોય કે વિવેક શાનો હોય કે પૂજ્યશ્રીને પગે લાગે?

એ તો પોતાને જ બધાથી શ્રેષ્ઠ ગણે.
આવા અમલદાર એટલે અભિમાનનું પૂતળું.
ફોજદારે તો સીધું જ અવધૂતજીને પૂછ્યું: "કેમ રે બાવાજી! મેં સાંભળ્યું છે કે તમે કાંઈ ચમત્કાર- કીમિયો કરો છો?"
રંગદાદાએ જવાબ આપ્યો: "હા કીમિયો તો કરું છું પણ આપ માનો છો તેવો કીમિયો નથી કરતો."
ફોજદારે વળતું પૂછ્યું: "તો કેવો કીમિયો કરો છો?"
અવધૂતજી બોલ્યા: "સોનું બનાવવાનો નહિ પરંતુ આપ જેવા દાનવને માનવ બનાવવાનો કીમિયો કરું છું."
આવો જવાબ મળશે એવું ફોજદારે તો વિચારેલું જ નહિ.
એ ખૂબ ખિજાયો.
લાલચોળ થઈ ગયો અને કહેવા લાગ્યો: "તમે કોની સાથે વાત કરો છો એનું ભાન-બાન છે કે?"
રંગદાદાએ કહ્યું કે "તમે કોણ છો એ જાણવાની જરૂર પણ શી છે?"
ફોજદારે ડરાવતાં કહ્યું: "હું ફોજદાર છું ફોજદાર.
જરા સમજી વિચારીને સીધી વાત કરો."
અવધૂતજી તો ગભરાયા વિના, એની પરવા કર્યા વિના જ બોલ્યા: "આડી વાત તો તમે કરો છો."
ફોજદાર છો તો ફોજદાર છો એમ લાગવું જોઈએ ને?

તમારી સાથે હવાલદાર હોય, જમાદાર હોય, ગામનો પોલીસ પટેલ હોય અને પટાવાળો હોય તો એ જોઈને એમ લાગે કે તમે ફોજદાર છો.

તમારી સાથે તો ઘાઘરાપલટન (મહિલા મંડળ) છે.

આવાં બૈરાંનાં ટોળાંને લઈને ફરે તેને કોણ ફોજદાર માને?

બાવો જાણીને બિવડાવવા આવ્યા છો?

તમને કોણે બોલાવ્યા હતા?

હું અહીં એકલો પડી રહ્યો છું એમાં તમારે શું?

મને તંગ કરવા કેમ આવ્યા છો?

ફોજદારે ઘણા બાવાઓને બિવડાવેલા.

ઘણા સાધુ-સંતોને સતાવેલા.

પરંતુ આ બાવો તો ગજબનો નીકળ્યો!

અવધૂતજીની ખુમારી પાછળ સત્ય અને અહિંસાનું જોર હતું.

ભગવાન ઉપરનો ભરોસો હતો.

ગુરુમહારાજમાં અનન્ય નિષ્ઠા હતી.

જગત કરતાં પણ જગન્નાથ મોટો છે એવી શ્રદ્ધા હતી.

જગન્નાથ અનુકૂળ હોય તો તો પછી ત્રણે લોક અનુકૂળ થઈ જાય.

અનુકૂલે જગન્નાથે સાનુકૂલં જગત્રયં ।

●

## (૬)

## મોત માટેનું મહિયું

પથ્થરમાંથી મૂર્તિ બનવા પથ્થરે શિલ્પીના ટાંકણાનો ઘા સહન કરવો પડે.
મૂર્તિમાંથી દેવ બનવા મૂર્તિએ બોલ્યા ચાલ્યા વગર જે થાય તે જોયા કરવું પડે.
શિવસ્વરૂપ બનવા ઝેર પીવું પડે.
સહન કર્યા વિના સંત ન થવાય.
દુઃખ વેઠ્યા વગર દેવ ન થવાય.
ઝેર પીધા વિના મહાદેવ ન બનાય.
અવધૂત દાદા અગવડભરી પરિસ્થિતિને સહન કરતા.
એ પણ લાચારીથી નહિ પણ હસતાં હસતાં.
સહન કર્યા વગર છૂટકો નથી એ રીતે નહિ પણ ભગવાનની પ્રસાદી છે એમ માનીને.
શરૂઆતના દિવસો હતા.
ડિસેમ્બર, ૧૯૨૫માં પ્રથમ આસન મૂક્યું અને એપ્રિલ, ૧૯૨૬માં મહિયાના રૂપમાં મોતે પડકાર ફેંક્યો.
શરૂ શરૂમાં મૌન રાખતા.
કોઈ સાથે બોલવાનું નહિ.

બહારથી તૈયાર ભિક્ષા આવતી.

ભિક્ષા લાવનાર ગુરુવારે ભિક્ષા લાવે તે ગુરુ, શુક્ર, શનિ અને રવિ એમ ચાર દિવસ ચાલે.

રવિવારે જે ભિક્ષા આવે તે સોમ, મંગળ અને બુધવાર સુધી ચાલે.

ભિક્ષા લાવનારના સંતોષ પૂરતું ગુરુવાર અને રવિવારે થોડું ખપ પૂરતું બોલે.

લાકડાના નાના પાટિયા ઉપર થાળી, વાડકી વગેરે મૂકે અને એક વાંસનો કરંડિયો ટીંગાડેલો એમાં ભિક્ષા માટે આવેલી વસ્તુ રહે.

એક દિવસની વાત છે.

કોઈ બહેન મઠિયાં લઈ આવી.

મઠિયાં કરંડિયામાં મૂકીને ચાલી ગઈ.

પોતાના નિત્યક્રમમાંથી પરવારીને અવધૂતજીએ એક મઠિયું મોંમાં મૂક્યું.

એક મઠિયું પેટમાં ગયું એની સાથે જ તકલીફ શરૂ.

ખાતાંની સાથે ગળું બળવા લાગ્યું.

ગળામાં દાહ શરૂ થયો.

આ દાહ સમય જતાં ઘટવાને બદલે વધવા લાગ્યો.

પછી તો ગળું બળવા સાથે શરીરને ઠંડી લાગવા માંડી.

અધૂરામાં પૂ રું માથું ભમવા લાગ્યું અને પ્રાણની ગતિ તૂટવા લાગી.

હૃદયના ધબકારા ઓછા થવા લાગ્યા.
નાડીના ધબકારા પણ ઘટવા લાગ્યા.
આટલું ઓછું હોય તેમ ઊલટી (વાન્તિ- Vomit) શરૂ થઈ.
અને તે પણ ગરમ ગરમ લોહીની. ઊલટી (વાન્તિ- Vomit) ના રૂપમાં પેટમાં ગયેલું અન્ન કણેકણ નીકળી ગયું.
અવધૂત બાપજીને ખ્યાલ આવી ગયો કે મઠિયામાં જ કાંઇ ગરબડ છે.
જાણે સામે પલાંઠી મારીને મૃત્યુ બેઠું હતું.
રંગદાદાને પણ થયું કે હવે આ દેહ નહિ ટકે.
મૃત્યુથી સંસારી ગભરાય પણ અવધૂતજી ના ગભરાય.
મૃત્યુનું મૃત્યુ એ તો મૃત્યુંજય મહાદેવ કહેવાય.
જેને રામ રાખે તેને કોણ ચાખે?
આવા કપરા કસોટી કાળમાં અવધૂતજીએ 'અન્ત્ય પ્રાર્થના' નામનું સ્તોત્ર લખ્યું.
બુદ્ધિ બહેર મારી જાય, સામાન્ય સંસારી તો આકુળ-વ્યાકુળ અને બેબાકળો બની જાય પણ અવધૂતજીએ પ્રભુને પ્રાર્થના કરી.
એ પ્રાર્થનાનો એક નાનો શ્લોક જુઓ:

આત્મવિસ્મરણં મૃત્યુ: ન મૃત્યુ દેહભંજનમ્ ।
ઇતિ ચેન્નિશ્ચલો બોધ: કો બિભીયાદ્યમાદિહ ॥

આત્માનું વિસ્મરણ એ જ મૃત્યુ છે, દેહભંજન-દેહનો નાશ એ મૃત્યુ નથી. એવો નિશ્ચલ બોધ હોય તો અહીં યમથી કોણે બીવું જોઈએ?

બાળકો! મોટાં થઈને આખું સ્તોત્ર વાંચજો.

બહાદુર માણસ તો એક જ વાર મરે છે પણ ડરપોક-બીકણ તો અનેકવાર- વારે વારે મરે છે.

માણસ જન્મે છે ત્યારે જ એનું મૃત્યુ પણ નિશ્ચિત જ હોય છે પછી એની ચિંતા શી? એની ફિકર શી?

ફિકર સબ કો ખા ગઈ, ફિકર સબકી પીર,
ફિકર કી ફાકી કરે ઉસકા નામ ફકીર.

●

## (૭)

## વીંછીનો ડંખ- નર્મદાનો સંગ

અવધૂત દાદાએ તપની વ્યાખ્યા શી કરી?

તપ એટલે ઊંચા ધ્યેય માટે સ્વેચ્છાએ ઉઠાવેલું કષ્ટ.

તપ કરવા બેસીએ એટલે એમાં કષ્ટ તો પડે જ.

દુ:ખ તો વેઠવું જ પડે.

પણ તમને તપ કરવાનું કોણે કહ્યું?

વ્યક્તિ સ્વેચ્છાએ-પોતાની ઈચ્છાથી- તપ કરવા બેસે છે.

કોઈ એને તપ કરવાનું કહેતું નથી.

આવું દુ:ખ કે કષ્ટ કોઈ ઊંચા ધ્યેય માટે વેઠવાનું રહે છે.
ચોર ચોરી કરવા કષ્ટ વેઠે તો તે તપ નથી કારણ કે ચોરી કરવી એ ખરાબ કામ છે.
પરંતુ પ્રભુનાં દર્શન માટે કષ્ટ વેઠે તો તે તપ છે કારણ કે ધ્યેય ઊંચું છે.
આપણા અવધૂત દાદા નારેશ્વરનાં જંગલમાં તપ કરવા બેઠા તો એમને આ બધી ખબર હતી.
સમયસર ખાવાનું ના મળે, ઠંડી-ગરમી સહન કરવી પડે, સાપ-વીંછી કે અજગર-શિયાળનો ભય રહે અને લોકો હેરાન કરે.
આ બધું જાણ્યા પછી જ જંગલમાં બેઠા.
પરંતુ ભગવાન ભરોસે તપ કરે તેનું રક્ષણ ભગવાન કરે.
સંકટ તો આવે પરંતુ ભગવાન સહનશક્તિ આપે.
ખાવાનું ના હોય તો ભૂખ્યા રહેવું પડે પણ ભગવાન કહે કે આજે ઉપવાસ કરો.
એક દિવસની વાત છે.
વરસાદના દિવસો છે.
એક તો જંગલ.
તેમાં અંધારી રાત.
એમાં ઘનઘોર વાદળથી ઘેરાએલું આકાશ.
વરસાદ પડે એટલે દેડકાં, સાપ, વીંછી બધાં બહાર નીકળે.

આમ તો સાપ કે વીંછી સામાન્યતઃ કરડે નહિ પણ એના પર ભૂલથી પગ પડે કે ભૂલમાં હાથ પડે તો ડંખ મારે.

પોતાના રક્ષણ માટે આ ડંખ એ એમનું શસ્ત્ર.

અવધૂત દાદા પથારીમાં આડા પડ્યા હતા.

ક્યાંથી આવ્યો તે તો ખબર ના પડી પણ ટચલી આંગળીએ મોરવીંછીએ ડંખ માર્યો.

મોરવીંછીનો ડંખ ભયંકર વેદના જન્માવે.

શરીરમાં આગના ભડકા ઊઠવા લાગ્યા.

ભયંકર વેદના થવા લાગી.

જંગલમાં દાક્તર કે દવા ક્યાંથી લાવવાં?

અને પૂજ્યશ્રી એવી દવા કરે પણ નહિ ને!

ભગવાન એમના દાકતર અને નર્મદાનું જળ એમની દવા.

જે થવાનું હોય તે થાય.

ભગવાનનું સ્મરણ કરતાં કરતાં મા નર્મદા તરફ જવા લાગ્યા.

કાળી અંધારી રાત.

વરસાદના દિવસોને કારણે જમીન પણ સરકી જવાય એવી થયેલી.

સાપ અને બીજાં ઝેરી પ્રાણી પણ આજુબાજુ ફરતાં હોય.

કેવળ રામભરોસે નદી કિનારે જવા લાગ્યા અને હેમખેમ પહોંચી ગયા.

નદીમાં પૂર આવેલું.

ઠંડુ પાણી અને ઠંડા પવનનો ભારે સુસવાટો.

મધરાતના બે-એક વાગ્યા હશે.

તારલાના આછા પ્રકાશે નદીમાં ઊતર્યા.

કેડ સમા પાણીમાં ઊતર્યા.

બરફ જેવું ઠંડુ પાણી.

જે આંગળીએ વીંછી કરડેલો તે આંગળી નર્મદાજીનાં ઠંડા પાણીમાં બોળી રાખી.

શીતળતા અનુભવી.

પીડા દૂર થઇ.

શરીર શરીરનું કામ કરે અને મન મનનું કામ કરે.

દુઃખ અને સંકટમાં ધીરજ ના ગુમાવે, ભગવાનનું સ્મરણ ના ભૂલે તે માનવી જ આધ્યાત્મિક પંથનો સાચો પ્રવાસી કહેવાય.

અંધારી રાતમાં એકલા અટૂલા, આવી પડેલી આપત્તિનો ઉકેલ કાઢનાર, અડીખમ અવધૂતને અનેકાનેક વંદન હો.

●

# (૮)
## મંકોડાનો મહેરામણ

પ્રભુપ્રાપ્તિના પંથના પ્રવાસી આપણા અવધૂતજી.
શરીરને બહુ મહત્ત્વ ન આપે.
શરીર તો પેટી છે અને આત્મા એમાં મૂકેલું મોંઘું ઘરેણું છે.
'હું શરીર નથી', 'હું આત્મા છું' એ વાત મન પર એવી ઠસાવેલી કે આપણી જેમ શરીરને સાચવ્યા કરે નહિ.
જયાં સુધી ભગવાન જીવાડે ત્યાં સુધી જીવવાનું.
નસીબમાં હશે તેટલું જીવવાનું.
'વપુ (શરીર) પ્રારબ્ધ પોષે છે' એવી દૃઢ માન્યતા.
આવરદા હોય ત્યાં સુધી કોઇ મારી શકે નહિ અને આવરદા પૂરી થાય પછી કોઇ જીવાડી શકે નહિ.
રામ રાખે તેને કોણ મારી શકે?
પોતાનાં માતાજીને નારેશ્વરમાં લઈ આવ્યાં.
નારેશ્વરમાં માતાજી આવ્યાં છતાં પોતાનું જપ-તપનું કાર્ય તો ચાલુ જ.
બ્રાહ્મમુહૂર્તમાં સવારે ચાર અને પાંચની વચ્ચે દાતણ કરે.
દત્તકુટિરને ઓટલે બેસે. શરીર ખૂલ્લું.

પહેરણ કે એવું કાંઇ પહેરે નહિ.
વરસાદના દિવસો.
જમીનમાં રહેલા મંકોડા બધા બહાર આવવા માંડે.
અવધૂતજીના શરીર ઉપર લાઇન લગાવે.
મંકોડાની હાર શરીર પર ફરે પણ અવધૂતજી મંકોડાને ખસેડે નહિ.
મારું શરીર મંકોડા માટે હરવા ફરવાનું સ્થળ બને એ તો આનંદની વાત ગણાય.
શરીર પર ચઢી ગયા છે તો ભલે હરે ફરે.
શરીરનું ભાન જ ઓછું. પોતાની મસ્તીમાં જ હોય.
'આત્મનશેમેં દેહ ભૂલા કર સાક્ષી હોકર રહેના' એવું ભજનમાં લખ્યું પણ ખરું અને એવું જીવ્યા પણ ખરા.
પરંતુ એ મંકોડા માજીને વારે વારે કરડવા લાગ્યા.
તેથી અવધૂતજી વિચારે ચઢ્યા.
આ મંકોડા મારી માતાને હેરાન કરે છે. મારી 'મા'નું લોહી પીએ છે.
મંકોડા મરે નહિ અને માજીને હેરાન કરે નહિ એવું કંઈ ન થાય?
અવધૂત બાપજીના એક ભકત.
નામ એમનું પ્રાગજીભાઈ મિસ્ત્રી.
બાપજીએ એમને બોલાવ્યા.

એમને પૂછ્યું કે આનો ઉપાય ખરો?

મિસ્ત્રીએ કહ્યું કે ઉપાય છેને! આ મંકોડાનું મૂળ માટીના ચણતરમાં છે.

પથ્થર નીચે પણ માટી છે.

આપ રજા આપો તો પથ્થર ખોદીએ.

માટી કાઢી નાંખીએ અને કાંકરેટ કરીએ.

કાંકરેટ કરીએ તો મંકોડા જાય.

પૂજ્યશ્રીએ હા કહી.

કામ શરૂ થયું.

પથ્થરો ખોદી કાઢ્યા તો નીચે તો મંકોડાનો મહેરામણ-મંકોડાનો મહાસાગર.

મંકોડાના ટોપલે ટોપલા ભરાયા.

વ્યવસ્થિત જગ્યાએ મંકોડાને મૂકી આવ્યા અને પછી કાંકરેટ કરી પથ્થર ચણ્યા ત્યારે મંકોડા ગયા.

આપણા શરીર પર તો નાની કીડી ફરે તો પણ અકળામણ થાય.

ઘરના ખૂણે આવેલી ગટર પર વાંદા દેખાય તો પણ ચિંતા થાય.

ભાઈ! આ બધાને કાઢો.

પરંતુ અવધૂત બાપજી તો એમ વિચારે કે એમના રહેઠાણના સ્થળે હું રહેવા આવ્યો છું.

મને એ લોકો રહેવા દે છે એ એમનો ઉપકાર છે.

પછી મારાથી એમને કેમ ધક્કો મરાય?
નાગ, સાપ, વીંછી, અજગર, ચંદન ઘો- એ બધાં જંગલમાં રહે.
જંગલ એમનું ઘર.
એવાં જંગલમાં હું રહેવા આવ્યો છું તો એમને કાંઈ કાઢી મુકાય કે?
એક તો એમના ઘરમાં આપણે ઘૂસી ગયા છીએ અને પછી એમને મારવાની કે કાઢવાની વાત કરાય કે?
અવધૂતજીને તો બધામાં દત્ત પરમાત્માનાં જ દર્શન થાય.
જે મનના અંકોડાને મઠારે તે મંકોડાને શું કામ મારે?

•

# (૯)

## નાગ અને ચંદન ઘો

અવધૂત દાદા રાત્રે બે વાગે ઊઠે.

માટલામાં ભરી રાખેલા ઠંડા પાણીથી સ્નાન કરે.

પછી પોતાની ઓરડીમાં ધ્યાન કરે.

ઘીનો દીવો ન કરે કે ફાનસ પણ ના સળગાવે.

ઘોર અંધકારમાં ધ્યાન કરે.

એક દિવસ ધ્યાન ધરવા બેઠા.

ધ્યાનમાં મગ્ન થયા પછી આજુબાજુ શું થાય છે તેની ખબર જ ના પડે.

કુટિરનું બારણું બંધ કરીને ધ્યાન ધરવા બેઠા.

ત્રણ-ચાર કલાક પછી ઉષ:કાલ થયો.

ધીમે ધીમે અજવાળું થવા લાગ્યું.

સૂર્ય ઊગવાની તૈયારી હતી.

કુટિરમાં પણ અજવાળું થયું. બધું દેખાય.

અવધૂતજી ધ્યાનમાંથી જાગ્યા.

દેહભાન ઉપર આવ્યા અને આંખો ખોલી.

જ્યાં આંખો ખોલી ત્યાં સામે બીજા યોગીરાજ ગૂંચળું વળીને ધ્યાનમાં બેઠેલા.

એ નાગરાજ- લંબે નારાયણ-ને જોઈને પૂજ્યશ્રીને આશ્ચર્ય થયું. ધીમેથી ઊઠ્યા.

કુટિરનું બારણું ખોલ્યું. બહાર ગયા.
બહાર જઈને લાકડાનો થોડો અવાજ કર્યો
ત્યારે એ લંબે નારાયણ જાગ્યા અને સડસડાટ કરતાં
કુટિરની બહાર નીકળી ગયા.
એક વાર ધ્યાનમાં બેઠા હતા.
ખબર નહિ પણ એક ચંદન ઘો કુટિરમાં પેસી ગયેલી.
એ હોય નાની પણ કરડે તો જીવ લે.
પૂજ્યશ્રી ધ્યાનમાંથી ઊઠ્યા ત્યારે સૂર્યના પ્રકાશમાં
ઘોને જોઈ. પૂ.શ્રી બહાર ગયા.
ભગવાનને કરવુંને તે પૂ.શ્રી કુટીરની બહાર આવ્યા ત્યારે
બે-ચાર ભકતો દર્શને આવેલા.
ભરૂચ જિલ્લામાં ટોઠીદરા નામનું ગામ.
એ ગામના એક ભગત.
મહીજી ભગત એમનું નામ.
ગામડાના માણસ આવી બાબતમાં ખૂબ હોશિયાર હોય.
એમને ખબર પડી કે અંદર ઘો છે એટલે ચાલાકીપૂર્વક
લાકડીથી ઘોને ઉછાળી.
ઉછાળતાંની સાથે જ ઓરડીની બહાર પડી ને નાસીગઈ.
આપણે જંગલમાં આવ્યા છીએ, એમના રહેઠાણમાં
આવ્યા છીએ એટલે એ લોકો પણ આવે તો ખરા જ ને!
આવું કહીને અવધૂત દાદા બધાને ચિંતા મુક્ત કરતા.

●

## (૧૦)

# આવો કેવો બાવો?

અવધૂત દાદા ભર જુવાનીમાં નારેશ્વરના દહેરે આવ્યા.

ગામડાના લોકોને તો એમ કે ઘડપણમાં ભગવાનનું ભજન કરવાનું હોય.

આટલી નાની ઉંમરે ઘરેથી ભાગી ગયો હશે કે શું?

લોકો જાત જાતના વિચારો કરે.

રંગદાદાના ઈષ્ટદેવ ભગવાન દત્તાત્રેય.

આખો દિવસ 'દત્ત દત્ત'નું રટણ કરતા હોય.

ભ્ગામડામાં તો રામ, કૃષ્ણ, શંકર કે માતાજીના ભગત હોય.

ગુજરાતમાં તે સમયે દત્ત ભગવાનની ભક્તિ ઓછી.

રંગદાદા 'દત્ત દત્ત' બોલે તો ગામડાના લોકો 'લટ્ટ લટ્ટ' સાંભળે અને સમજે.

બધા વિચારે કે આ બાવો 'લટ્ટ લટ્ટ' કેમ બોલ્યા કરતો હશે?

ગામડાના લોકોને મન તો સીધું ઉઘરાવે તે સાધુ.

સાધુ હોય તે ઘરે ઘરે જાય અને લોટ, ઘી અને દાળ ચોખા ઉઘરાવે, સામે ચાલીને માગે.

'આ આપો ને તે આપો.'

'ભગવાન તમારું કલ્યાણ કરશે' એવા આશીર્વાદ પણ આપે પરંતુ બાપજી તો ગામમાં જાય નહિ.
માગે નહિ.
કોઈ સાથે સાંસારિક સંબંધ બાંધે નહિ.
ગામના લોકોને બહુ વિચિત્ર લાગે.
આવો તે કેવો બાવો?
કોઈ સાથે બોલે નહિ તો દિવસ જાય કેવી રીતે?
બીજા સાધુ તો પાસે આવનારને ઉપદેશ આપે, વાતો કરે ત્યારે બાપજી તો મૌન રાખે.
મૌન દ્વારા વાણીનું તપ કરે.
અઠવાડિયામાં રવિવારે અને ગુરુવારે ખપ પૂરતું જ બોલે.
ઉપદેશ આપવાની તો વાત જ નહિ.
ગામડાના લોકોને આ બધું વિચિત્ર લાગે.
એમણે તો રાત્રે બધાને ભેગા કરીને ભજનના નામે ચરસ-ગાંજો ફૂંકનારા બાવા જોયેલા.
બાવો ચલમ ફૂંકે તો બીજાને પણ ચલમ ફૂંકવાની મળે ને?
અવધૂત દાદા તો ચા ન પીએ.
બીડી કે તમાકુનું વ્યસન નહિ.
ઠંડા પાણીથી સ્નાન કરે.
બધી સાત્ત્વિક વૃત્તિ અને પ્રવૃત્તિ એટલે ગામડાના લોકોને તો નવાઈ જ લાગે.

એમાં પાછું સરસ મઝાનું અંગ્રેજી બોલે.

બાવાને વળી અંગ્રેજી ક્યાંથી આવડે?

આવડે તો હજી ભાંગ્યુ તૂટ્યું હિંદી આવડે.

કોઈને એમ થાય કે માનો કે ના માનો પણ આ કોઈ જાસૂસ છે.

કોઈને એમ થાય કે કોઇ ક્રાંતિવીર છે અને છૂપા વેશે રહે છે.

કોઇ વળી કહે કે ભલે તમે ના માનો પણ મને તો એ સરકારનો ગુનેગાર લાગે છે તેથી જંગલમાં આવીને ભરાયો છે.

પરંતુ અવધૂતજીને તો ખબર હતી કે લોકો તો આવી મોંમાથા વગરની વાતો કરવાના જ.

એ એમનું કામ કરે ને આપણે આપણું કામ કરવાનું.

આવું બધું ચાલ્યા કરે.

આપણે તો ભગવાન સાથે સંબંધ બાંધવાનો.

હું ભલો ને મારો રામ ભલો.

જગત કરતાં જગન્નાથનું ચિંતન કરવાનું.

પથ્થરને શિલ્પી ટાંકણાના ઘા મારે ત્યારે મૂર્તિ તૈયાર થાય.

કાચા હીરાને બરાબર ઘસે ત્યારે પાસાદાર હીરો બને.

કુંભારનાં ટપલાં ખાય અને અગ્નિનો તાપ સહે ત્યારે માટલું તૈયાર થાય.

ભગવાન કાંઈ એમ ને એમ થોડા મળે?

બસ! સાત્ત્વિક વૃત્તિ અને સાત્ત્વિક પ્રવૃત્તિથી ભરેલું અવધૂતજીનું જીવન.

લોકો એને ક્યાંથી સમજે?

“ખલ્ક બિચારી અલખ નિરંજન શું લહે?
ખાળજળે ગંગાજળ માની ન્હાય જો.”

ખલ્ક (દુનિયા) તો ખાળ (ગટર)નાં પાણીને જ ગંગાજળ માનેને!!

•

## (૧૧)
## મોરવીંછીની ત્રિપુટી

આસો મહિનાની કાળી ચૌદશની રાત્રિ.

ઘોર અંધકાર.

આજુબાજુની જગા એકદમ સાફ નો’તી.

થૂવરની વાડ દૂર થઈ હતી પણ ઘાસ તો આજુબાજુ ઊગેલું રહેતું.

અવધૂત દાદા ગુફાના ઓટલા પર આડા પડ્યા હતા. વિદ્યાપીઠના સ્વરાજય આશ્રમના મિત્ર અને હવે મિત્રમાંથી પરમ ભકત બનેલા અમૃતલાલ મોદીઆવ્યા હતા.

એ પગથિયા ઉપર બેઠા.
રંગદાદા સાથે વાતો કરે.
અંધારી રાત્રિની નીરવ શાંતિ.
તમરાંનો અવાજ શાંતિને વધુ ઘોર બનાવે.
આકાશમાં તારલા ટમ ટમે.
કો'કવાર ગામનું કૂતરું ભસીને મધરાત થઈ છે એની જાણે કે જાણ કરે છે.
અવધૂત દાદાની બધી રીતે કાળજી લેવામાં મોદીકાકાનો નંબર પહેલો આવે.
પૂજ્યશ્રી મોદીકાકાને બધાં જ કામ સોંપે.
મોદીકાકા એટલે અવધૂત દાદાના અંગત મંત્રી.
બંને વાતો કરે છે ત્યાં મોદીકાકાની નજર પડી તો અવધૂત દાદાના માથા તરફ ચાર ઈંચ લાંબુ જીવડું ચઢતું દેખાયું.
ધીમેધીમે જીવડું ઉપર ચઢતું હતું.
થોડીવારમાં ખ્યાલ આવી ગયો કે આ તો મોર વીંછી છે.
મોદીકાકાએ અવધૂત દાદાને સાવધ કર્યા અને પોતે માજીની કુટીરે ગયા.
ત્યાંથી સાણસી લીધી.
સાણસીથી વીંછીને પકડીને ઝાડીમાં છોડી આવ્યા.
અવધૂત દાદા વીંછીની હિંસા તો કરવા જ ના દે.

પાછી બંને મિત્રોની અને કહો તો ભગવાન અને ભક્તની ગોઠડી શરૂ થઈ.

એકવાર વીંછીને જોયો એટલે હવે મોદીકાકા ભૂલ કરે એવા ન હતા.

થોડીવારમાં બીજી દિશામાંથી વીંછી આવ્યો અને ખબર ન પડે એમ પૂજ્યશ્રીનાં માથા તરફની દિશામાં ચઢવા લાગ્યો.

સાણસી લાવી વીંછીને પકડી એના ઘરમાં મૂકી દીધો.

આ વીંછી તો વળી પહેલા કરતાં મોટો અને વધુ ઝેરી હતો.

પાછી ગોષ્ઠિ શરૂ થઈ ન થઈ અને નવ ઇંચનો ત્રીજો ઝેરીલો મોરવીંછી આવ્યો.

સાણસીથી પકડવાનો પ્રયત્ન કર્યો પણ સાણસીમાં આવે શાનો?

પૂજ્યશ્રી ઊઠ્યા.

લાકડીથી વીંછીને દબાવ્યો એટલે મોદીકાકાએ એને ડંખથી પકડીને ઝાડીમાં છોડી દીધો.

મોદીકાકા તો ધ્રૂજી ઊઠ્યા.

અરે! આ તો જોખમથી ભરેલી જગ્યા કહેવાય.

પરંતુ અવધૂત દાદા તો એટલું જ બોલ્યા કે કેમ મોદીજી! આજે વીંછીનું ધ્યાન ધર્યા કર્યું છે કે શું?

કોઇ પણ ઝેરી જીવ-જંતુને મારી નાંખવાનું નહિ.

આપણે એમના સ્થાનમાં આવ્યા છીએ એ ભૂલવાનું નહિ. સાપ કે વીંછી પર તો પગ મૂકીએ તો જ ડંખ મારે જ્યારે માણસ તો વિશ્વાસ મૂકીએ ત્યારે પણ ડંખ મારે એનું શું?

પ્રભુ દર્શનની તમન્ના સાથે સાધના કરતા સાધકને તો બધામાં એક જ પરમેશ્વરનાં દર્શન થાયને!

સાધનાની આવી ઊંચી પરિપાટી અવધૂત દાદાએ જાળવી હતી.

આ ત્રણ વીંછીમાં રંગદાદાએ તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં દર્શન કર્યાં હશે!

•

## (૧૨)

## અજબની અવધૂતી આગાહી

નારેશ્વરનું શિવાલય.

એ સ્થાન સિવાય બધું કેવળ વેરાન જંગલ.

સાત ગામનું સ્મશાન.

કોઈ મડદાં બાળે તો કોઈ મડદાં દાટે પણ ખરા.

ધોળે દહાડે પણ બી જવાય એવું આ સ્થાન.

સાપ, અજગર, વીંછી ને શિયાળ જેવાં જાન લે એવાં પ્રાણીઓની છૂટથી થતી અવરજવર.

આવા ભયંકર જંગલમાં અવધૂતજીને દિવ્યતા ક્યાંથી જણાઈ હશે?

ધૂણીવાળા દાદા બોલેલા : “જંગલમાં મંગલ, જંગલમાં મંગલ.”

દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ એ નિમિત્તમાત્ર.

ભગવાન આવાં જંગલને મંગલ કરવા માગે તો પોતાના અંગત માણસને જ મોકલે.

અવધૂત દાદા ભગવાનના આવા ખાસ માણસ-અંગત માણસ હતા.

શરૂઆતમાં તો કોઈ ફરકતું નહિ પણ પછીથી સગડોળ, સાચર, લીલોડથી કોઈ કોઈ આવતું.

સગડોળનો એક છોકરો.

નામ એનું જેસિંગબાવા.

ઉંમર દશથી બાર વર્ષની.

દહેરે જાય તો અવધૂત દાદાના દર્શને જાય. પગે લાગે.

આવાં નિર્દોષ છોકરાં અવધૂત દાદાને ગમે.

બાળપણ એ ભગવાને આપેલી બક્ષિસ છે.

અવધૂત દાદા એ જેસિંગબાવા જોડે વાતો કરે.

વાતો કરતાં કરતાં એક વાર કહ્યું કે “જો, આજે આ જે જંગલ છે ને તે એક દિવસ મોટું ધામ બની જશે. ખૂબ લોકો અહીં આવશે.”

એમની વાત એ વખતે કોણ સાચી માને?
આવું ઘનઘોર જંગલ કાંઈ મોટું ધામ બનતું હશે?
અહીં તો વળી કોણ આવવા નવરું છે?
એ જેસિંગબાવાને ત્યારે તો આ બાવો પાગલ જેવો જ લાગ્યો હતો.
પણ પછીથી એણે જોયું તો એને થયું કે પાગલ કોણ? બાવો કે હું?
અવધૂતની અજબગજબની આગાહી આજે વાસ્તવિકતા બની ગઈ છે.
સાચા સંત મળવા મુશ્કેલ.
મળે તો પરખવા મુશ્કેલ અને પરખાય તો જીરવવા મુશ્કેલ એમ જે કહેવાયું છે તે કાંઇ ખોટું કહેવાયું હશે?

●

# (૧૩)
## બીડીબંધી

ગામડાના લોકોને મન તો સીધું ઉઘરાવે તે સાધુ.
સાધુ તો ચલમ ફૂંકે ને આવનારને ચલમ ફૂંકવા આપે.
પણ આ સાધુ તો કાંઈ જુદી જ જાતનો જણાયો.
મોટે ભાગે મૌન રાખે.
ભાગ્યે જ કોઈ સાથે વાતો કરે અને કોઈને ગામ-ગપાટા તો મારવા જ ના દે.
અવધૂત દાદાને દહેરે આવ્યે થોડો સમય થયો.
પછી ગામના કો'ક માણસો આવતાં થયા.
અવધૂત બાપજી ગામડાના લોકોનો સ્વભાવ જાણે.
ગામડામાં બધાને બીડીનું વ્યસન.
સિગારેટ તો મોંઘી પડે એટલે બીડીનાં પાંદડાં ને તમાકુ રાખે.
જાતે બીડી બનાવે અને પીએ.
ગામડાના લોકોને મન "બીડી એ તો જાણે સ્વર્ગની સીડી."
ઘરે કોઈ મહેમાન આવે કે બીડી બનાવી આપવાની.
મહેમાન બીડી પીએ અને સાથે બધા બીડી પીએ.
ગામમાં સાધુ-સંત આવે તો પણ લોકો એમની હાજરીમાં બીડી સળગાવે.

સાધુને કોઇ વાંધો પણ નહિ.
અરે! સાધુ પોતે બીડી પીતો હોય તો તો રંગત જામે.
અવધૂત દાદાની વાત જુદી.
ના ચા પીએ કે ના બીડી ફૂંકે.
ગાંધીજીના આદર્શો જીવનમાં અપનાવેલા.
ખાદીને સ્વીકારેલી.
સત્ય-અહિંસાને સ્વીકારેલાં અને નિર્વ્યસની બનીને જીવેલા.
વ્યસનનો અર્થ જ 'આફત', 'મુશ્કેલી' થાય.
અવધૂત બાપજી પાસે કોઈ આવીને બીડી સળગાવે એ પહેલાં જ ઊંચા અવાજે ના પાડી દે:
'તમારો આ ધૂપ મારાથી સહન થતો નથી.
મહેરબાની કરીને કંપાઉંડની અંદર વ્યસન કરશો નહિ.
જે કરવું હોય તે કંપાઉંડની બહાર.'
ભોળા લોકો કહે કે, 'બાપજી! અમે તો નાનપણથી બીડી પીનારા છીએ.
હવે એ ટેવ કેમ છૂટે?
એ ખરાબ સંસ્કાર કેમ ટળે?'
બાપજી કહે: 'બધા આવનારા બીડી પીએ અને ઠૂંઠાં નાંખે તો મારે તો એની સાફસૂફીમાં જ બધો સમય જાય.
હું કાંઈ નોકર ચાકર રાખતો નથી.'

‘વળી મારાથી બીડીની વાસ સહન થતી નથી.
મને ઊલટી (વાન્તિ- Vomit) થાય અને મારું શરીર બગડે પછી મારું મુખ્ય કામ તો બાજુએ જ રહી જાય.’
અવધૂત બાપજીએ આવો આદર્શ સ્થાપ્યો.
પરિણામે આજે પણ નારેશ્વર ધામમાં બીડી-સિગારેટના ધુમાડા નીકળતા નથી.
સારી ટેવ પાડો.
ખરાબ ટેવ તો જીવન બગાડે છે.
પણ આવું કોણ કહે?
સાચો સંત જ કડવા ઘૂંટ પાઈ.
સાચે જ:
માણસ પહેલાં ટેવ પાડે છે અને પછી એ ટેવ માણસને પાડે છે.

●

# (૧૪)
## 'ચા'ની ચાહત

ગામડાના લોકોને બે વસ્તુનું વ્યસન.
એક ચા અને બીજી બીડી.
કમાય એમાંથી ઘણી કમાણી વ્યસન પાછળ વેડફાય.
બે-ચાર માણસ ભેગાં થયા કે ચા-પાણી થાય જ અને ચા તૈયાર થાય એટલામાં એક-બે બીડી ફૂંકાય.
જીવનના આ મોજશોખ.
શ્રીમંતાઈના આ માપ-દંડ.
એક દિવસની વાત છે.
નારેશ્વરથી આઠેક માઈલ દૂર કહાણા નામે ગામ.
એ ગામમાં મોતીભાઈ પટેલ રહે.
સજ્જન માણસ.
નારેશ્વર સ્થાનનું દાસકાકાએ ટ્રસ્ટ બનાવેલું તેના ટ્રસ્ટી પણ ખરા.
મોતીભાઈના મનમાં વિચાર આવ્યો કે બાપજીને મળવા કોઈ બહારગામથી આવે તો એનું સ્વાગત શું?
એ માણસને ચાની ટેવ હોય તો કમસે કમ ચા-પાણી તો થવાં જ જોઈએ.
આમ વિચારી ઘરમાંથી થોડી ખાંડ કાઢી.

એની પોટલી બાંધી.
પોટલી લઈને ઊપડ્યા નારેશ્વર.
અવધૂત દાદાથી ગભરાય.
અવધૂતજી પોતેતો નિર્વ્યસની.
ચા પીએ નહિ એટલે તેમની સમક્ષ ચાની વાત કરતાં ખચકાય.
નારેશ્વર આવ્યા.
બાપજીને પગે લાગ્યા.
થોડો સમય વ્યવહારની વાતો કરી અને પછી ઊઠ્યા.
ઊઠીને બાપજીને કહ્યા વગર ખાંડની પોટલી લટકાવી.
પોટલી ખૂંટી પરની એક ખૂંટી પર લટકાવી.
અવધૂત બાપજી જોયા કરે પણ બોલે નહિ.
પોટલી ટીંગાડીને નીચે ઊતર્યા એટલે બાપજીએ પૂછ્યું:“મોતીભાઈ! શું મૂક્યું?”
મોતીભાઈ બોલ્યા: “બાપજી! થોડી ખાંડ છે. કોઈ ચાનો બંધાણી આવે તો કામ લાગે.”
બાપજીએ કહ્યું: “તમે વ્યવસ્થા તો સારી કરી છે પણ અહીં તો ભાત ભાતના બંધાણીઓ આવવાના.
કોઈ ગાંજાનો, તો કોઈ દારૂનો, કોઈ ચરસનો તો કોઈ અફીણનો બંધાણી આવવાનો.

તો તમે એવું કરો કે દારૂનું એક પીપ મૂકો અને ચરસ, ગાંજા, તમાકુના નાના મોટા ડબ્બા મૂકો.

વળી આ બધું બંધાણીને આપે એવો એક માણસ પણ મૂકજો."

અવધૂત બાપજીની વાતનો મર્મ મોતીભાઈ પામી ગયા.

એમને સમજાઈ ગયું કે ખાંડની પોટલી લટકાવી તે બાપજીને ગમ્યું નથી.

બોલ્યા ચાલ્યા વગર ખાંડની પોટલી લઈ લીધી અને ઘરની વાટ પકડી લીધી.

અવધૂત દાદાની દીર્ઘદૃષ્ટિ હતી.

અહીં લોકો આવે તો વ્યસનમાંથી છૂટવાનો પ્રયત્ન કરે કે વ્યસનને મજબૂત કરે?

સંત તો વ્યક્તિના જીવનમાં સદ્‌ગુણોની વસંત ખીલવે એવો હોવો જોઈએ.

અવધૂતે તો આદર્શો આચરી બતાવ્યા અને આચાર દ્વારા જ એનો ઉપદેશ પણ કર્યો.

અડધો મણ ઉપદેશ કરતાં ૧૦ ગ્રામ આચરણ જ શ્રેષ્ઠ છે.

•

# (૧૫)

## ‘ખાન-પાનકી ચિંતા નાહીં’

પાંડુરંગમાંથી બ્રહ્મચારીજી બન્યા ‘રંગ અવધૂત.’
આ અવધૂત શબ્દમાં ‘અ’ ‘વ’ ‘ધૂ’ અને ‘ત’ દરેક અક્ષરનો વિશિષ્ટ અર્થ છે.
‘અ’ એટલે અવિનાશી અક્ષર તત્ત્વ.
‘વ’ એટલે વરેણ્ય.
‘વરેણ્ય’ એટલે સર્વશ્રેષ્ઠ.
‘ધૂ’ એટલે સંસારના બંધનને તોડી નાંખનાર અને
‘ત’ એટલે ‘તત્ત્વમસિ’ના લક્ષ્યને હસ્તગત કરનાર.
જે અવધૂત કક્ષામાં જીવે એને શરીરની ચિંતા ના હોય.
એ શરીરનાં સુખ-સગવડનો વિચાર ના કરે.
એનું ચિંતન તો કેવળ પરમેશ્વર જ હોય.
પરમાત્માની સાધનામાં ધીરે ધીરે દેહભાન ભૂલવા માંડે.
દેહની બહુ સાર-સંભાળ નહિ.
શરીર ટકે એટલા પૂરતું ખાય.
ખાવામાં પણ સ્વાદનો તો વિચાર જ નહિ.
‘હું એટલે શરીર’ એવું સંસારી વિચારે.
શરીર સારું ન હોય તો એવું કહે કે આજે ‘મને’ સારું નથી, જ્યારે અવધૂતને આવો દેહાધ્યાસ છૂટી ગયો હોય.

શરૂઆતમાં ગુરુવારે અને રવિવારે આવીને દાસકાકા કે બીજા કોઇ દૂધની દશમી (ભાખરી) મૂકી જાય.

એનાથી પેટની પૂજા પતાવે. દાસકાકા કાળજી રાખતા તો પણ કોઈવાર એવું બને કે ખાવા માટે કશું જ ના હોય.

એવા સંજોગોમાં ફાફડા થૂવેરને થતાં ગુલાબી રંગનાં તેનાં ફળ-જીંડવાં તોડી તેનો રસ ચૂસી લે.

કોઈવાર દેશી થૂવરનાં પાનાની ભાજી બાફીને તે ખાઈ લે અને તેનું પાણી પી લે.

મન કેવળ પરમાત્માના ચિંતનમાં જ લાગેલું રહે એટલે શું ખાવું એ વિચાર જ ન આવે.

ચિંતન કેવળ પરમેશ્વરનું જ હોય પછી ખાવા પીવાની ચિંતા શાની?

દેહં પાતયામિ વા કાર્યં સાધયામિ ।

●

# (૧૬)

## શ્વાનસમાધિ

હિંદુધર્મ પુનર્જન્મમાં માને છે.
ગયા જન્મનાં કર્મોથી ઊભા થતા ઋણાનુંબંધમાં પણ માને છે.
અને ઘણી વાર તો ન માનવું હોય તો પણ માનવું પડે એવાં બનાવો બને છે.
નારેશ્વરનો કૂતરો બુચિયો એ એનું જવલંત ઉદાહરણછે.
આમ તો કૂતરો એટલે 'હડે હડે' થવાં સર્જાયેલું પ્રાણી.
રોટલાના એક ટુકડા માટે લોકોની લાકડી ખાતું પ્રાણી.
ખાવા માટે પૂંછડી પટપટાવતું પ્રાણી.
પરંતુ આ બુચિયો જુદા જ પ્રકારનો કૂતરો હતો અને તેથી સાધુ સંતની જેમ એની નારેશ્વરમાં સમાધિ છે.
કૂતરો હતો પણ એની સમજ ખૂબ ઊંચી હતી.
જવાબદારીનું ભાન પણ ખૂબ.
અવધૂત બાપજીને આવ્યાને થોડાક વર્ષો જ થયાં હતાં.
કોઈ ભક્ત સાંજની ગાડીમાં આવે તો શિયાળાના કે વરસાદના દિવસમાં નારેશ્વરને દેહરે આવતાં મુશ્કેલી પડે. રસ્તો પણ ના જડે.
આવા સંજોગોમાં રંગદાદા બુચિયાને કામ સોંપે.

'બુચિયા! સ્ટેશન પર જા અને મહેમાનને લઈ આવ.'

બુચિયો સાંભળે પણ ખરો અને સમજે પણ ખરો.

એ સ્ટેશને જલદી જલદી પહોંચી જાય અને મહેમાનનો માર્ગદર્શક બની, રસ્તો બતાવી અવધૂતજી પાસે લઈ આવે.

રાત્રે રખેવાળીનું કામ કરે.

સહેજ અવાજ થાય ત્યાં જ એ ઊભો થઇ જાય અને ભસવા માંડે.

અજાણ્યાને કંપાઉંડમાં પગ ના મૂકવા દે.

અવધૂત દાદા બોલે કે 'બુચિયા! બસ! આવવા દે' પછી જ મહેમાનને પ્રવેશ મળે.

હતો તો કૂતરો પણ કોઈ દિવસ કંપાઉંડમાં ઝાડો પેશાબ કર્યા નથી.

રોજ નર્મદામાં જઈને સ્નાન કરતો.

વાર-તહેવારે ઉપવાસ કરતો. ઉપવાસા કરે ત્યારે અન્ન ખાતો નહિ.

ગયા જન્મનો કોઇ પુણ્યશાળી જીવ કૂતરા સ્વરૂપે આવેલો જણાતો.

એ વૃદ્ધ થયો. બિમારી આવી.

ચાલવાની શક્તિ પણ ના રહી.

અવધૂત બાપજીનાં માતાજી એની ખૂબ સંભાળ રાખે.

સારું સારું ખાવાનું બનાવીને ખવડાવે.

કૂતરાએ ખાવાનું બંધ કર્યું તો માતાજીએ દૂધ પાવાનું શરૂ કર્યું.

જ્યારે પ્રાણ જવાનો સમય આવ્યો ત્યારે અવધૂત દાદા જાતે એની પાસે ગયા.

એને માથે હાથ ફેરવ્યો.

હાથ ફેરવીને બોલ્યા: 'બુચિયા! તારું દુ:ખ જોવાતું નથી. હવે તું શાંતિથી જા.'

બસ! બાપજીએ જ્યાં કહ્યું કે 'તું જા' ત્યાં જ એણે આંખ મીંચી દીધી.

એને જ્યાં દાટ્યો ત્યાં જ એની સમાધિ બનાવી છે.

કૂતરો વફાદાર પ્રાણી છે તો માણસે તો વધારે વફાદારી બતાવવાની છે ને!

હજી આજે પણ એની મૃત્યુતિથિ ઉપર કૂતરાઓને પેટ ભરીને ખાવાનું આપવામાં આવે છે.

આમ 'બુચિયો' એ મૂગે મોંઢે સેવા કરનારો અવધૂતનો ભક્ત હતો.

અવધૂતની સામે રોજ કલાક-બે કલાક બેસતો અને અવધૂતનાં અમૃતવચનો સાંભળતો.

'શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું, દરસ વિણ આન નવ કાંઇ માગું' એ પંક્તિને બુચિયાએ ચરિતાર્થ કરી હતી.

●

## (૧૭)

## શરણાગતનો તારણહાર

મહાન સંતો પોતાને શરણે આવેલાનું કલ્યાણ કરે છે.

પોતાના જીવના જોખમે પણ એનું રક્ષણ કરે છે.

એટલે તો મહાન સંતોના- ભગવાનના- શરણે જવું જોઈએ.

પણ આવું શરણું અનન્ય ભાવે લેવું જોઈએ.

'માછલી પાણીની બહાર જીવતી જ ન રહે' એ રીતનો શરણભાવ હોવો જોઈએ.

અનન્ય નિષ્ઠાથી શરણે આવે તો જેનું શરણું લીધું હોય તેની ફરજ બને કે શરણે આવેલાનું રક્ષણ કરે.

રાવણે વિભીષણને ભર દરબારમાં લાત મારી.

વિભીષણે સીતા પાછી આપી દેવાનું રાવણને કહ્યું તે રાવણને ના ગમ્યું.

વિભીષણ રામને શરણે ગયા.

વિભીષણ દુશ્મનનો ભાઈ કહેવાય.

એના પર એકદમ વિશ્વાસ કેમ મુકાય?

પરંતુ જ્યાં વિભીષણે કહ્યું કે 'હે રામ! હું આપને શરણે આવ્યો છું' ત્યાં જ ભગવાન રામે કહ્યું: 'પધારો લંકેશ.'

લંકેશ એટલે લંકાના રાજા.

લંકાનો રાજા તો રાવણ છે પણ ભગવાન રામે એને

લંકેશ કહ્યા; એટલે એને લંકાનો રાજા બનાવવાનો જ.
એને અભયદાન આપ્યું.
તારે હવે કોઈથી ડરવાનું નથી, બીવાનું નથી.
એક સેવકે ભગવાન રામને ધીમેથી પૂછ્યું કે 'પ્રભુ! આપે તો વિભીષણને લંકાનો રાજા બનાવી દીધો પણ માનો કે રાવણ સીતાજીને પાછાં આપી દે અને યુદ્ધ બંધ રહે તો?'
ભગવાન રામે કહ્યું કે 'તો, હું રાવણને અયોધ્યાનો રાજા બનાવી દઉં.
મારું રાજ્ય આપી દઉં.'
શરણાગતવત્સલ અને શરણાગતરક્ષકનો અર્થ આવો છે.
અવધૂતજીએ ભગવાનનું અનન્ય ભાવે શરણું લીધું હતું એટલે પછી એમની ચિંતા ભગવાન કરે.
અવધૂત દાદાનું પારાયણ ચાલુ હતું.
અવધૂતજીના જપ અને તપ ચાલુ હતાં.
તપશ્ચર્યાથી વ્યક્તિમાં દિવ્યશક્તિ આવે.
એની હાજરીમાં પ્રાણીઓ વેર-ઝેર ભૂલી જાય.
વ્યક્તિમાં એવી શક્તિ આવે કે એ જે બોલે તે થાય.
એક દિવસની વાત છે.
અવધૂત દાદા લીમડા નીચેના ઓટલા પર બેઠા છે.
કાચંડા, મોર, ખિસકોલી બધાં બાપજી આગળ દોડા દોડી કરી રહ્યાં છે.

એવામાં એક ખિસકોલી ગભરાયેલી હાલતમાં દોડતી દોડતી આવી.

એની પાછળ મોત પડ્યું હતું.

એક મોટો સાપ એની પાછળ પડ્યો હતો.

ખિસકોલીનું આખું શરીર ભયથી ધ્રૂજે અને જીવ બચાવવા જેટલું ઝડપથી દોડાય તેટલું દોડે.

આગળ ખિસકોલી ને પાછળ લાંબો સાપ.

હવે શું?

સાપ નજીક ને નજીક આવતો જતો હતો.

ખિસકોલી તો ભયની મારી લીમડા નીચે આવી અને ઓટલા પર બેઠેલા અવધૂતજીના ખોળામાં જઈ પડી.

‘બાપજી! મને બચાવો’ એવું જાણે કહેતી હોય તેમ ધ્રૂજી રહી.

અવધૂત દાદાએ જોયું કે ખિસકોલી પોતાને શરણે આવી છે.

એણે વિશ્વાસથી મારું શરણું લીધું છે તો મારે એનું રક્ષણ કરવું જ જોઈએ.

સાપ તો ક્રોધથી ફુત્કારા કરતો આવી પહોંચ્યો.

પરંતુ અવધૂતજીએ એની સામે લાલ આંખે જોયું.

‘ખબરદાર! ખિસકોલીને કાંઈ કર્યું છે તો.’

‘ચાલ, શાંતિથી જતો રહે.’

જાણે અવધૂતજીના મનની વાત સાપ સમજી ગયો અને

વંદન કરીને જતો રહ્યો.

રંગદાદાએ શરણું લીધું તો ભગવાન એમનું રાત દિવસ રક્ષણ કરે.

ખિસકોલીએ શરણું લીધું તો રંગદાદાએ એનું રક્ષણ કર્યું.

અનન્ય ભાવે શરણ લેવાથી મરણનો ભય ટળે અને જેનું શરણું લીધું હોય એની હિંમતે આપણામાં પણ હિંમત આવે.

માછલી તો નાની ટચૂકડી હોય છે પણ પાણીનું શરણું લે છે તેથી પાણીના ધસમસતા પ્રવાહની વિરુદ્ધ દિશામાં પણ જઈ શકે. પણ એનું જોઈને જો હાથી કરવા જાય તો તણાઈ જાય.

કવિ કહે છે:

“જો જાકી શરણ લીયે તાકી રાખે લાજ
ઊલટ જલે મછલી ચલે બહત જાત ગજરાજ”

આપણે પણ આવો શરણભાવ કેળવીએ.

●

## (૧૮)
## ❁ પાંચ 'પ' (P)નો ત્યાગ ❁

નર્મદા કિનારે બેસતાં પહેલાં પાંડુરંગ ભગવાન નામના સંતને મળ્યા.

એમણે અયાચકવૃત્તિથી રહેવાની સલાહ આપી.

કોઇ પાસે સીધું કે આડકતરી રીતે માગવું નહિ.

બધું ભગવાનને સોંપી દેવું.

અનન્ય ભાવે ભગવાનનું શરણું લેવું.

પાંડુરંગે મનોમન નિશ્ચય કર્યો.

પાંચ 'પ'નો ત્યાગ કરવો:

(૧) પૈસાનો સ્પર્શ કરવો નહિ.

(૨) પ્રવચન કરવાં નહિ.

(૩) પ્રચાર કાર્ય કરવું નહિ, પ્રસાર કાર્ય કરી શકાય.

(૪) પ્રતિષ્ઠા માટે પ્રવૃત્તિ કરવી નહિ.
પ્રતિષ્ઠાથી દૂર રહેવું. અને

(૫) પીઠ (ગાદી) પરંપરાનો ત્યાગ કરવો.

'દેવનું કાર્ય દેવ કરે છે' એમાં વિશ્વાસ હોય તો દેવને દેવનું કાર્ય કરવા દેવું.

જો આપણે દેવનું કાર્ય કરતા હોઈએ અને દેવની ઈચ્છા મુજબ નિમિત્ત બનીને કરતા હોઇએ તો પછી આપણે

કોઈ વસ્તુ શું કામ માગવી પડે?
ભગવાન કોઈને પ્રેરણા કરે અને એ વ્યક્તિ આપણને જોઈતી વસ્તુ આપી જાય.
જો વસ્તુ ન મળે તો એના વિના ચલાવી લેવાનું.
સંતનું જીવન તો ખરી પડેલાં પાકાં સૂકાં પાંદડાં જેવું હોવું જોઈએ.
ઝાડનું પાન સૂકું થાય, પાકું થાય એટલે ખરી પડે.
આ ખરી પડેલાં પાનને પવન જે દિશામાં લઈ જાય તે દિશામાં તે ઊડીને જાય.
પવન ન આવે તો પાન ત્યાંને ત્યાં પડ્યું રહે.
સાચો સંત પણ આવો જ હોય.
એને પોતાની કોઈ ઈચ્છા જ ન હોય.
ભગવાન રાખે તેમ રહેવાનું.
ભગવાનનું રાતદિવસ સ્મરણ કરતા રહેવાનું.
નિમિત્ત બનીને કામ કરવાનું.
'હું કરું છું' એવો કર્તુત્વ ભાવ નહિ રાખવાનો.
'હું ભોગવું છું' એવો 'ભોકતૃત્વ' ભાવ પણ નહિ રાખવાનો.
આવો અનન્ય શરણભાવ રાખીને જીવનારનું જીવન ભગવાન જ સંભાળે.
ભગવાન જ એની ફિકરમાં ફરે.

●

# (૧૯)

## અનુષ્ઠાનનું ઉદ્યાપન

૧૯૨૫ના ડિસેંબરમાં એટલે કે સંવત ૧૯૮૨ના માગસર મહિનામાં અવધૂતજી નારેશ્વરમાં આવ્યા.

માગસર વદ ચોથને દિવસે એટલે કે તા. ૪-૧૨-'૨૫ના રોજ પહેલ વહેલું આસન મૂક્યું.

શિવાલય પાસેના લીમડા નીચે પહેલું આસન મૂક્યું.

નારેશ્વર આવવાનું કારણ દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કરવાનું હતું.

ભયાનક જંગલમાં દિવ્યતાનાં દર્શન કર્યાં.

દાસકાકાએ બાંધેલી કુટિરમાં રહીને દત્તપુરાણનાં પારાયણ શરૂ કર્યાં.

આ દત્તપુરાણ એ સંસ્કૃત ભાષામાં રચાયેલો ગ્રંથ છે.

એના રચયિતા સ્વામી મહારાજ છે.

એમાં આઠ અષ્ટક છે.

દરેક અષ્ટકમાં આઠ અધ્યાય છે એટલે કુલ ૬૪ અધ્યાય થાય.

એમાં કુલ ૩૫૦૧ શ્લોક છે.

સવારના અજવાળું થાય પછી જ પારાયણ થઈ શકે.

નિત્ય નિયમ પ્રમાણે અનુષ્ઠાન શરૂ થયું.

ધીમે ધીમે પારાયણની સંખ્યા વધતી ચાલી.
અને છેવટે છેલ્લું પારાયણ- ૧૦૮મું- પારાયણ પણ શરૂ થયું.
હવે પારાયણ પૂ રું થાય પછી એનું ઉદ્યાપન કરવાનું હોય.
કોઈ ચોક્કસ હેતુથી આવું સરસ અનુષ્ઠાન દેવે કરાવ્યું હોય તો શાસ્ત્રમાં જણાવેલી વિધિ કરવી પડે.
પરંતુ ઉદ્યાપનની આવી વિધિમાં ખર્ચ કરવો પડે.
અવધૂત દાદા પૈસાનો સ્પર્શ કરે નહિ.
એમની પાસે તો પૈસા હોય જ નહિ.
વળી સીધી કે આડકતરી રીતે માગવાનું પણ નહિ.
ભગવાનની શી ઇચ્છા છે તે જોવાનું.
અવધૂત દાદા પાસે રતનલાલ મહાત્મા, દાસકાકા અને બીજા ભકતો આવતા હતા. સરખેજના શ્રીમંત કેશવલાલ શેઠ પણ આવતા હતા.
બધા બધી વાતો કરતા હતા પણ કોઈના મનમાં ઉદ્યાપન અંગેનો વિચાર આવતો ન હતો.
ઉદ્યાપનની વાત બધાના ધ્યાન બહાર ગઈ.
એટલે કોઈએ ઉદ્યાપન કરવા અંગે પૂછ્યું નહિ અને છેલ્લું પારાયણ પણ પૂ રું થઈ ગયું.
હવે શું?

ઉદ્યાપન તો કરવું જ જોઈએ.
પણ કોઈ કશું બોલતું નથી. આનું કારણ શું?
આનો ઉકેલ શો?
અવધૂતજીએ વિચાર્યું કે ભગવાનની ઈચ્છા ચીલાચાલુ ઉદ્યાપન કરાવવાની નથી. કોઈ સાત્ત્વિક રીતે ઉદ્યાપન કરીએ.
અવધૂત દાદાએ એક આકરો નિર્ણય લીધો, ક્રાંતિકારી કહેવાય એવો નિર્ણય લીધો.
ચીલાચાલુ ઉદ્યાપન વિધિ કરવાને બદલે ૧૦૮ દિવસમાં નર્મદાની પરિક્રમા કરવાનું નક્કી કર્યું.
પરિક્રમા એ જ ઉદ્યાપન કાર્ય.
જે સિદ્ધાંત સ્વીકાર્યો તે આચરવાનો.
જે નિયમ લીધો તે પાળીને બતાવવાનો.
એમાં પીછેહઠ તો થાય જ નહિ.
બસ! રંગદાદાએ નર્મદાની પરિક્રમા દ્વારા અનુષ્ઠાનનું ઉદ્યાપન કરવાનો પાકો વિચાર કર્યો.

•

## (૨૦)
## દેવનો દૃષ્ટાંત

'માણસ ધારે છે કાંઈ અને ભગવાન કરે છે કાંઈ.'

Man Proposes and God disposes.

ભગવાનની યોજના શી હોય તેનો માનવીને શો ખ્યાલ આવે?

અવધૂત દાદાએ નર્મદાજીની પરિક્રમાનો પાકો નિર્ણય કર્યો પણ ભગવાને એમને સ્વપ્નમાં આદેશ કર્યો: 'ગાંડો તારી રાહ જુએ છે.'

દેવે દૃષ્ટાંત આપ્યો કે 'અવધૂત! દક્ષિણમાં ગાંડા પાસે જા.'

બીજી બાજુ સ્વામી મહારાજે ગાંડા મહારાજને સ્વપ્નમાં દૃષ્ટાંત (આદેશ) આપ્યો કે 'બ્રહ્મચારી આવે છે.'

આમ દેવ સંબંધકર્તા બંને વ્યક્તિઓને અરસપરસ દૃષ્ટાંત આપે તો જ એને દેવનો દૃષ્ટાંત કહેવાય.

'દક્ષિણમાં ગાંડા પાસે જા' એવો દૃષ્ટાંત તો થયો પણ ગાંડો એટલે કોણ?

દક્ષિણમાં એટલે ક્યાં?

અને જવાનું કારણ શું?

નર્મદાપરિક્રમાની વાત બાજુ પર રહી.

આ ગાંડો એટલે કોણ?

તપાસ કરતાં જાણવા મળ્યું કે ગાંડો એટલે ગાંડા મહારાજ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના એ પટ્ટશિષ્ય.

આ ગાંડા મહારાજના બનેવી પાસેથી જ દત્તપુરાણનો ગ્રંથ મળ્યો હતો. બનેવીનું નામ કલ્યાણજીભાઈ દેસાઈ. ભગવાન જાણે આ ઋણ ચૂકવવાની વ્યવસ્થા કરતો હતો.

કલ્યાણજીભાઈને પૂછતાં જાણવા મળ્યું કે આ સાલની ગુરુપૂર્ણિમા ગાંડા મહારાજ દક્ષિણમાં (મહારાષ્ટ્રમાં) વાંકડી ગામમાં કરવાના છે.

હવે વાંકડી કેમ જવાય તેની વિચારણા ચાલુ થઈ.

પૈસા વગર વાંકડી કેવી રીતે જવાશે?

એ બધું ભગવાન જાણે.

પૈસાનો સ્પર્શ નહિ કરવાનો પણ કોઈ ટિકિટ કઢાવી આપે તો ટિકિટ દ્વારા ટ્રેન કે બસમાં મુસાફરી થઈ શકે. પણ એવી ટિકિટ કઢાવી આપવાનો વિચાર પણ કોને આવે? ટિકિટ કઢાવી આપો એવું કહેવાનું નહિ.

જૂન મહિનામાં દેવનો દૃષ્ટાંત થયો અને ૧૬મી જુલાઈએ તો ગુરુપૂર્ણિમા હતી.

વાંકડી પહોંચવાનું હતું.

અનુષ્ઠાન પૂરું થયું તો માતાજીનાં દર્શનની ઈચ્છા થઈ. માતૃવંદના કરીને પછી વાંકડી જવાનું વિચાર્યું અને અવધૂત દાદા ઊપડ્યા ગોધરા.

•

## (૨૧)
## પ્રવાસના પંથે

દેવે આદેશ આપ્યો: 'અવધૂત! દક્ષિણમાં ગાંડા પાસે જા.'

આદેશ માથે ચઢાવ્યો.

ગોધરાથી મુંબઈ જવા માટે મિત્રે ટિકિટ કઢાવી આપી એટલે સોમવારની સાંજે ગોધરાથી નીકળ્યા અને ટ્રેન દ્વારા મંગળવારે સવારે મુંબઈ પહોંચ્યા.

ચિતળી સ્ટેશન સુધીની ટિકિટની વ્યવસ્થા ભગવાને કરી હતી તેથી મુંબઈથી બુધવારે સાંજે નીકળી ગુરુવારે સવારે ચિતળી સ્ટેશને પહોંચ્યા.

અહીં સુધી તો ભગવાને ટિકિટ દ્વારા ટ્રેનની સગવડ કરી આપી હતી પણ હવે કસોટી કાળ શરૂ થયો. હવેનો પ્રવાસ પોતાના પગના જોર પર કરવાનો હતો.

અવધૂતજીની પિત્ત પ્રકૃતિ.

ખાવાનાં ઠેકાણાં નહિ.

જૂન મહિનાની ગરમી એટલે પિત્ત પણ હેરાન કરે.

ચિતળી સ્ટેશનથી ૧૮ કિલોમીટર (૧૨ માઈલ) દૂર આવેલા સાકોરી ગામે ગયા.

ત્યાં ઉપાસની બાબાના મહેમાન બન્યા.

પૈસા આપીને વીશીમાં ખાવાનો તો વિચાર જ થાય એમ ન હતો.

મહારાજના મહેમાન તરીકે વીશીમાં ભિક્ષા લેવાનું આમંત્રણ મેનેજરે આપેલું.

મેનેજર બોલાવે એટલે ભિક્ષા માટે જવાનું હતું.

પણ મેનેજર તો ભૂલી ગયો.

છેક સાંજે ચાર વાગ્યે એને યાદ આવ્યું કે મહેમાનને ભિક્ષા માટે બોલાવવાનું તો રહી જ ગયું છે.

છેક ચાર વાગ્યે જમવા માટે ગયા.

પરંતુ ભોજન એવું તીખું કે આંખમાંથી પાણી પડે.

તીખું ખાઈએ એટલે પાછું પિત્ત ઊછળે અને હેરાન હેરાન થવાય.

થાક અને ભૂખ બે ભેગા થયેલાં.

ખાધા વગર તો છૂટકો જ ન હતો.

થોડાંક રોટલી ને શાક ખાઈ લીધાં.

પોતાને કારણે કોઈને તકલીફ ન પડવી જોઈએ એવી અવધૂતજીની વિચારધારા.

કૂવા ઉપરથી જાતે પાણી ખેંચી ને પી લે.

કૂવા ઉપર સ્નાન કરે તો પાણી ભરનારને નાહક રાહ જોવી પડે એટલે પાંચ કિલોમીટર (૩ માઈલ) દૂર આવેલા વહેળામાં લઈને સ્નાન કરતા.

આને જ તિતિક્ષા કહેવાય.

હસતાં હસતાં બધાં કષ્ટ સહન કરવાનાં.

ભગવાનની ઈચ્છા પ્રમાણે વર્તવાનું અને જરા પણ ફરિયાદ નહિ કરવાની.

આ તો હજી શરૂઆત હતી.

ત્રાસદાયક પ્રવાસ તો હવે પછી શરૂ થવાનો હતો.

•

## (૨૨)

## ત્રાસભર્યો પ્રવાસ

સાકોરીમાં ઉપાસની બાબા મળ્યા.

એમણે કહ્યું કે જેટલા દિવસ રહેવું હોય તેટલા દિવસ રહો.

ગુરુવારે વીશીમાં છેક સાંજે ચાર વાગ્યે રોટલી શાક ખાધાં.

બીજે દિવસે વીશીમાં ન જમતાં માધુકરી માગવાનું વિચાર્યું.

ખભે ઝોળી ભેરવી.

૩ કિલોમીટર (૨ માઈલ) દૂર આવેલા રાહતા ગામે ગયા.

ત્યાં ચાર-પાંચ ઘરે માધુકરી માટે ટહેલ નાંખી પણ કોઈએ કશું આપ્યું નહિ.

માગવાની ટેવ નહિ એટલે અણઆવડતવાળી ટહેલ નાંખનારને શું મળે?

ભગવાનની ઈચ્છા ભૂખે રાખવાની છે એમ લાગ્યું.

એક તો પેટમાં ભૂખની આગ, શરીરમાં થોડો તાવ અને વધારામાં ચાલવાનો થાક.

આ બધું ભેગું થયેલું.

સાકોરી બહુ રહેવા દેવાની ભગવાનની ઈચ્છા જણાતી નથી એમ લાગ્યુ એટલે આગળ જવાનો વિચાર કર્યો.

રંગદાદા સાકોરીથી કોપરગામ જવા નીકળ્યા.

૨૧ થી ૨૨ કિલોમીટર (૧૪ થી ૧૫ માઈલ) ચાલવાનું હતું.

ભૂખ, થાક અને તાવનો ત્રિવેણી સંગમ તો હતો જ.

સામાન લઈને પ્રવાસ શરૂ કર્યો.

વરસાદ પણ શરૂ થયો હતો.

વરસાદને કારણે રસ્તા પણ ખરાબ થઈ ગયા હતા.

રસ્તા ઉપરના પથ્થરો બહાર ડોકિયાં કરતા હતા.

કાદવ પણ ખૂબ અને તેમાં પણ પાછો કાંટાનો ત્રાસ.

કાંટા વાગે તો પણ કાદવમાં ચાલવું જ પડે.
આમ ત્રાસ ત્રાસ થઈ ગયો.
અધૂરામાં પૂ રું તે પિત્ત ભડકી ઊઠ્યું.
પીવાનું ચોખ્ખું પાણી ના મળે.
આવી હેરાનગતિમાં પણ વીસેક કિલોમીટર (૧૩ માઇલ)નું અંતર કાપી નાંખ્યું.
એક-બે કિલોમીટર (૧ માઇલ) દૂર કોપરગામ હતું ત્યાં જ ચકરી ખાઈને અવધૂતજી નીચે પડ્યા.
ભગવાન પણ હદ વગરની કસોટી કરતા હતા.
ભગવાનના કામે નીકળેલાની પણ આવી કસોટી?
આવો ત્રાસભર્યો પ્રવાસ?
ભગવાન કસોટી પણ કરે અને એમાંથી ઉગારે પણ ખરોને!

●

# (૨૩)
# ֍ દેવની દિવ્ય-લીલા ֍

કોપરગામ હવે નજીકમાં હતું.

એક-બે કિલોમીટર (એક માઈલ)નું અંતર બાકી હતું ત્યાં અવધૂતજીને ચક્કર આવ્યાં અને ગબડી પડ્યા. કેટલો સમય ઝાડ નીચે પડી રહ્યા તેની ખબર પડી નહિ.

વચ્ચે ગોદાવરી નદી હતી.

એમાં રેલ આવી હતી અને પુલ ઉપરથી પાણી વહી જતું હતું.

પૂજ્યશ્રી દેવની લીલાનું જાહેરમાં વર્ણન કરે નહિ એટલે એક માણસ હાથ ઝાલીને પૂલ પરથી નદીને બીજે કિનારે લઈ ગયો એમ કહે છે. જ્યારે નજીકના ભક્તો એમ કહે છે કે બાપજી જ્યારે જાગ્યા ત્યારે નદીના બીજા કિનારે આવી ગયા હતા.

દેવે દિવ્ય-લીલા કરીને એમની તકલીફ દૂર કરી.

કોપરગામમાં બ્રાહ્મણનું ઘર શોધ્યું.

એક ઘરેથી થોડું ખાવાનું મળ્યું તે ખાધું.

થોડું પેટમાં પડ્યું પણ ભૂખ તો હજી હતી જ.

જે બ્રાહ્મણે ખાવાનું આપ્યું તેને ‘દત્તનામસ્મરણ’ની (સંસ્કૃત) એક નકલ પ્રસાદીરૂપે આપી.

કોઈનું મફત તો કેમ લેવાય?

કોપરગામથી શનિવારે નીકળી ૧૮ કિલોમીટર (૧૨ માઈલ) દૂર આવેલા ચેવલા ગામે ગયા અને ત્યાંથી ૧૦ કિલોમીટર (૭ માઈલ) દૂર આવેલા આંદરસૂલ ગામે ગયા.

આ બધો ચાલીને-પગપાળા કરાયેલ પ્રવાસ હતો.

૨૮ કિલોમીટર (૧૯ માઈલ) ચાલીને આંદરસૂલમાં ભોજન કર્યું.

ત્યાંથી ૨૦ કિલોમીટર (૧૩ માઈલ) દૂર આવેલા વૈજાપુર ગામે ગયા.

રસ્તામાં ભૂલા પડેલા એટલે થોડું વધારે ચાલવું પડ્યું.

રાત પડી ગઈ.

એક બ્રાહ્મણને ત્યાં પાણી પીવા રોકાયા અને એની મંજૂરીથી એના ઓટલા ઉપર જ સૂઈ ગયા.

આમ એક દિવસમાં લગભગ ૫૦ કિલોમીટર (૩૫ માઈલ) જેટલું ચાલ્યા.

તાવ, થાક અને ભૂખનો સંગમ તો ખરો જ.

બીજા દિવસનું પરોઢ થયું.

સવારના પહોરમાં જ છ કિલોમીટર (ચાર માઈલ) દૂર આવેલા રોટેગાંવ નામના રેલવે સ્ટેશને પહોંચ્યા. સ્ટેશન ઉપર ટાઈમ ટેબલ જોયું.

હજી ૧૬૫ કિલોમીટર (૧૧૦ માઈલ)ની મજલ કાપવાની બાકી છે એનો ખ્યાલ આવ્યો.

સ્ટેશન ઉપર એક બાંકડા ઉપર બેઠા.

સ્ટેશન માસ્તર તૈલંગી બ્રાહ્મણ હતા.

સત્સંગી અને સંસ્કારી હતા.

એમણે અવધૂત દાદા પાસે આવી વંદન કર્યાં.

એમણે આગ્રહપૂર્વક અવધૂતજીને સ્નાન અને ભિક્ષા કરાવી.

પછી વિવેકથી પૂછ્યું કે આપને ક્યાં જવું છે?

પૂજ્યશ્રીએ કહ્યું કે વાંકડી જવું છે.

એમણે કહ્યું કે હું તમને ગાડીમાં બેસાડી દઈશ.

તમે સાટોના સ્ટેશને ઊતરી જજો.

ત્યાંથી વાંકડી નજીક છે.

સાટોના સ્ટેશન પાસે દૂધના નદી છે.

એના કિનારે વાંકડી ગામ આવેલું છે.

રંગદાદાએ કહ્યું કે તમે ગાર્ડને કહીને મને મફત બેસાડી દો તો હું એ રીતે મુસાફરી કરતો નથી.

આ રીતે વગર ટિકિટે મુસાફરી કરવી એ અનૈતિક છે.

સ્ટેશન માસ્તરે તરત કહ્યું કે હું તમને ટિકિટ કઢાવી આપીશ.

સ્ટેશન માસ્તરે પૈસા ખર્ચી ટિકિટ કઢાવી આપી ત્યારે અવધૂત દાદા ટ્રેનમાં બેઠા!

આ સ્ટેશન માસ્તર તો તૈલંગી બ્રાહ્મણ.

અવધૂત બાપજીને ઓળખે પણ નહિ.

તો આટલી બધી સેવા શા માટે કરી?

એનું કારણ શું?

એનું કારણ એ હતું કે ભગવાને સ્ટેશન માસ્તરને આગલી રાતે સ્વપ્નમાં કહ્યું હતું કે આવતી કાલે સવારે તારા સ્ટેશન ઉપર અમુક બાંકડા પર જે આવીને બેસે તેની સેવા કરજે. તારું કલ્યાણ થશે.

સ્ટેશન માસ્તર તો સવારે વહેલા ઊઠ્યા. નહાઇ-ધોઈને તૈયાર થઈ ગયા.

દેવે સ્વપ્નમાં કહેલા બાંકડા ઉપર કોણ બેસે છે તેની રાહ જોવા લાગ્યા અને ત્યાં જ અચાનક અવધૂત બાપજી આવીને એ જ બાંકડા પર બેઠા.

દેવની દિવ્ય-લીલાની કોઈને ખબર પણ ન પડી.

દેવ કસોટીની સોટી પણ ફટકારે અને દિવ્ય-લીલા કરીને પીઠ પણ પંપાળે તે આનું નામ!

સાટોના સ્ટેશને ઊતર્યા ત્યારે સાંજ પડી ગઈ હતી પણ રાત્રિ પહેલાં વાંકડી પહોંચવું હતું.

વાંકડીમાં ગાંડા મહારાજ ગુરુપૂર્ણિમા ઉપર આવવાના છે એવા પાકા સમાચાર હતા.

બસ! ચલ મન વાંકડી કેરે ગામ.

●

## (૨૪)

## સાટોનામાં શિષ્યમિલન

દેવની દિવ્ય લીલાને કારણે અવધૂત બાપજી રોટેગાંવથી સાટોના સ્ટેશન ટ્રેનમાં આવ્યા.

પોતાના સિદ્ધાંતોનો ભંગ કર્યા વિના ૧૬૫ કિલોમિટર (૧૧૦ માઈલ)નું અંતર ચાલવાનું ના રહ્યું.

'જે હરિને સંભારે, હરિ તેને સંભાળે' તે આનું નામ.

સાટોના સ્ટેશને સાંજે ઊતર્યા એટલે મનમાં થયું કે હવે તો વાંકડી હાથવેંતમાં જ છે. તપાસ કરી તો જાણવા મળ્યું કે ત્રણ વાંકડી છે તો કયા વાંકડી ગામે જવું છે? આ નવી ઉપાધિ ઊભી થઈ.

અણધારી ઉપાધિ આવી!

સાંજનો સમય.

ગાડીમાં પાણી પણ પીધેલું નહિ.

નજીકમાં નજીકનું વાંકડી ગામ ૬ કિલોમિટર (૪ માઈલ) દૂર હતું એટલે ચાલીને પહોંચી ગયા.

રાત પડી ગઈ હતી.

છૂટા વાળ અને અવધૂતી વેશ એટલે બધા વાત કરતાં પણ ડરે.

આ બાજુ ભૂતોનો ત્રાસ ખૂબ અને લોકો વહેમી પણ બહુ.

ગામમાં એક પણ ઘર બ્રાહ્મણનું ન હતું.
થોડું ચાલીને દૂધના નદી પર ગયા.
ત્યાં નદીનું પાણી પીધું.
ગામમાં ગયા.
એક બ્રાહ્મણના ઘરે ફળાહાર કરીને સૂઈ ગયા.
આ ગામનું નામ પણ વાંકડી જ હતું.
એકાદશીનો દિવસ આ રીતે પૂરો થયો.
બીજા દિવસે વહેલી સવારે એકાદશીનો ઉપવાસ છોડ્યો.
બીજા બે વાંકડી ગામમાં ફરી વળ્યા ત્યારે એમાંના એક ગામમાં જાણવા મળ્યું કે આ ગામમાં જ મહારાજ આવવાના છે.
જેના ઘરે મહારાજ આવવાના હતા તે ગૃહસ્થને મળ્યા.
એક-બે દિવસમાં મહારાજ આવી પહોંચશે એવી પાકી ખબર મળી ગઈ.
મનને શાંતિ થઈ-મનમાં હાશ થઈ.
એક-બે દિવસ સુધી શું કરવાનું?
અવધૂતજી પાછા સાટોના ગયા.
ગાંડા મહારાજ પહેલાં સાટોના કિસનરાવ પટવારીને ત્યાં આવવાના હતા અને પછી વાંકડી જવાના હતા.
બપોરે સાટોના પહોંચ્યા અને સાંજે જ ગાંડા મહારાજ આવી પહોંચ્યા.

ગાંડા મહારાજ તરત જ બ્રહ્મચારીને ઓળખી ગયા.
બંનેને દેવનો દ્દષ્ટાંત યાદ આવ્યો.
એકબીજાથી પરિચિત હોય તેમ વાતો કરવા લાગ્યા.
સ્વામી મહારાજના બંને શિષ્યોના દિવ્ય મિલન થયું.
દિવ્ય મિલનનાં દર્શન બધાએ દિલથી કર્યા.

•

## (૨૫)

## દેવના દ્દષ્ટાંતનું રહસ્ય

"અવધૂત! તું દક્ષિણમાં જા. ગાંડાને મળ. ગાંડો તારી રાહ જુએ છે."
એવા દેવ દ્દષ્ટાંત (આદેશ)ને કારણે અવધૂત દાદા વાંકડી ગામે આવ્યા.
પણ શા માટે ભગવાને દ્દષ્ટાંત આપ્યો એ રહસ્ય હજી અકબંધ હતું. એનો હવે ઘટસ્ફોટ થવાનો હતો.
પ.પ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ મહારાષ્ટ્રીયન અને એમના પટ્ટશિષ્ય પૂ. ગાંડા મહારાજ ગુજરાતી.
ગુજરાતમાં સુરત પાસે આવેલા તલંગપુર ગામના (સચિન સ્ટેશન પાસેના) અનાવિલ બ્રાહ્મણ.

નર્મદાકિનારે શિનોરના શિવાલયમાં ગાંડા મહારાજે સ્વામી મહારાજનાં પ્રથમ દર્શન કર્યાં અને એમને ગુરુ માની લીધા. એમના ચરણમાં માથું મૂકી દીધું.
પછી તો એમની સાથે જ રહ્યા અને બધે ફર્યા.
સ્વામી મહારાજની બધી લીલાના એ સાક્ષી.
સ્વામી મહારાજની દિવ્ય-લીલાનાં દર્શન કરેલાં.
સ્વામી મહારાજ ઈ.સ. ૧૯૧૪માં બ્રહ્મલીન થયાં પછી

પ.પૂ.ગાંડા મહારાજે સંન્યસ્ત લીધો અને સંન્યાસી તરીકે દક્ષિણમાં ફરવા લાગ્યા.
પોતાની માતૃભાષા ગુજરાતી પણ પ.પ.સ્વામી મહારાજ સાથે રહ્યા તેથી મરાઠી બોલતાં આવડે અને કોઈ બોલે તો સમજે પણ ખરા. છતાં મરાઠી ભાષા પર પ્રભુત્વ નહીં.
પ.પૂ.ગાંડા મહારાજે સ્વામી મહારાજનું જીવન ચરિત્ર ગદ્યમાં ગ્રથિત કરેલું.
જો આ જીવનચરિત્રનું જો ઓવી છંદમાં પદ્યમાં રૂપાંતર થાય તો સારું કે જેથી એ ગ્રંથનાં પારાયણ અને કથા સપ્તાહ થઈ શકે.
આવા હેતુથી ગાંડા મહારાજે એક ભકતને ગદ્યનું પદ્યમાં રૂપાંતર કરવાનું કામ સોંપેલું.
એ ભકત સામાન્ય કક્ષાનો હતો.
એણે આખા ગ્રંથનું ઓવી છંદમાં રૂપાંતર કર્યું.

પ.પૂ.ગાંડા મહારાજના મનમાં એવો ભાવ જાગ્યો કે જેની માતૃભાષા મરાઠી હોય અને જે પ.પ.સ્વામી મહારાજનો અનન્ય ભક્ત હોય તેવી વ્યક્તિ આ પદ્ય રૂપાંતર જુએ અને મઠારે તો કેવું સારું!

બસ! આ ભાવનાને ભગવાને ધ્યાનમાં લીધી અને એમની ઈચ્છા સંતોષવા અવધૂત બાપજીને વાંકડી મોકલ્યા.

આ જ ગાંડા મહારાજના બનેવી કલ્યાણજીભાઈ પાસેથી ભરૂચમાંથી બાપજીને દત્તપુરાણનો ગ્રંથ મળ્યો હતો અને એનાં ૧૦૮ પારાયણ કર્યાં હતાં.

આ પારાયણને અંતે ભગવાન એમને વાંકડી લઈ આવ્યા.

વાંકડીમાં રહીને સમગ્ર ગ્રંથ જોયો. ગ્રંથને મઠાર્યો અને પછી પોતાના નર્મદાપરિક્રમાના સંકલ્પની વાત કરી.

પ.પૂ.ગાંડા મહારાજની ઈચ્છા અવધૂતજીને જવા દેવાની ન હતી.

ગાંડા મહારાજ થોડા નારાજ પણ થયા પણ શું થાય? ગાંડા મહારાજની સૂચના અનુસાર પરલી વૈજનાથના જ્યોતિર્લિંગનાં દર્શન કર્યાં અને પાછા મહારાજ પાસે આવ્યા.

બીજે દિવસે પૂ.ગાંડા મહારાજને પ્રણામ કરી નાગનાથનાં દર્શને ગયા.

નાગનાથનાં દર્શન કરી અકોલા થઈને નર્મદાનો કિનારો પકડવા વિચાર્યું.

દેવના  દૃષ્ટાંતનું રહસ્ય હવે સમજાયું.

દેવનું કામ દેવે કર્યું.

હવે પોતાના સંકલ્પ મુજબ નર્મદાની પરિક્રમા કરવાનું વિચાર્યું.

પ.પ.સ્વામી મહારાજ વિરચિત દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ થયાં.

પૂ.ગાંડા મહારાજના બનેવી કલ્યાણજીભાઇ પાસેથી ભરૂચમાંથી અનુષ્ઠાન માટે દત્તપુરાણ ગ્રંથ મળ્યો એટલે આ બધા ઋણમાંથી યત્કિંચત છોડાવવા જ ભગવાને આ યોજના ઘડી હશે.

આપણું ધાર્યું થાય તો તે હરિકૃપા,
આપણું ધાર્યું ન થાય તો તે હરિ-ઇચ્છા.

●

श्रीगांडामहाराज ઉર્ફે શ્રીયોગાનંદ સરસ્વતીસ્વામી



પૂ.શ્રી રંગદાદા આમને મળવા માટે વાંકડી ગયા હતા.

# अवधूत

आशापाशविनिर्मुक्त आदिमध्यान्तनिर्मलः ।
आनन्दे वर्तते नित्यम् अकारं तस्य लक्षणम् ।।

वासना वर्जिता येन वक्तव्यं च निरामयम् ।
वर्तमानेषु वर्तेत वकारं तस्य लक्षणम् ।।

धूलिधूसरगात्राणि धूतचित्तो निरामयः ।
धारणाध्याननिर्मुक्तो धूकारस्तस्य लक्षणम् ।।

तत्त्वचिन्ता धृता येन चिन्ताचेष्टाविवर्जितः ।
तमोहङ्कारनिर्मुक्तस् तकारस्तस्य लक्षणम् ।।

अवधूतगीता अ.८ श्लोक ६-९.

"अक्षरत्वाद्वरेण्यत्वाध्धूतसंसारबन्धनात् ।
तत्त्वमस्यर्थसिध्धत्वाद् अवधूतोऽभिधीयते ।।१।।"

-अवधूतोपनिषद्